# श्रीजैनधर्म प्रकाश.

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૨ મું. સં. ૧૯૬૩ કાર્તિક. અંક ૮ મો.


## सद्‌उपदेश सार.


લેખક સન્મિત્ર કર્પૂરવિજય.



(અનુસંધાન પૃષ્ટ ૨૧૨ થી)


૫૫ મદ્ય (કેફી ચીજ), વિષય, કષાય, નિદ્રા અને વિકથા આ પાંચ પ્રમાદ જીવને સંસારમાં પાડે છે-રખડાવે છે. તેમાંથી-જન્મમરણના બંધનથી મુક્ત થવા દેતા નથી.

૫૬ જ્યારે ચૌદ પૂર્વધરો પણ પ્રમાદવશ પડવાથી નિગોદનાં અનંતાં દુઃખ પામે છે, તો હે મૂઢ આત્મન્! પાંચે પ્રમાદમાં રચી પચી રહેતાં તારા શા હાલ થશે? તે વિચાર, અને વિચારી તારી અનાદિની મહા મોટી ભૂલ સુધારવા કંઇ પણ ખપ કર.

૫૭ શુભ કરણી વિનાનું એકલું જ્ઞાન નકામું છે, અને ખરી સમજ વિનાની કેવળ ક્રિયા પણ નકામી છે. ઉભય મળવાથી ક્ષેમ છે. વનમાં ગયેલા આંધળા અને પાંગળા જેમ પરસ્પર સહાય આપવાથી ક્ષેમકુશળ સ્વનગર આવી શકે છે તેમ સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાને વિવેકથી સાથે સેવનારજ સ્વ-ઈષ્ટ મોક્ષ સાધી શકે છે.

૫૮ આચારભ્રષ્ટ એવાનું બહુ ભણ્યું પણ શું કામનું ! આંધળાની આગળ લાખો ક્રોડો પણ દીવા કર્યા શું કામના? તેવુંજ આચારભ્રષ્ટનું જ્ઞાન કેવળ નિરૂપયોગી છે; એમ સમજી જ્ઞાનને સાર્થક કરવા સદા સદાચારી થવું.

૫૯ થોડું પણ પ્રાપ્ત થયેલું જ્ઞાન સદાચરણવંતનું સાર્થક થાય છે. સદાચરણવડેજ *જ્ઞાનની સાર્થકતા સમજવાની છે.* સદાચરણ વિનાનું તે નિરર્થક થાય છે. ગધેડાની ઉપર ચંદનનો ભાર ભર્યો હોય તો તે તો ભાર માત્રનોજ ભાગી થાય છે; ચંદનની શીતળતા કે સુગંધનો નહિ. તેમજ સદાચરણ રહિતનું જ્ઞાન કેવળ બોજારૂપ હોવાથી તે સદાચરણ વિના સદ્ગતિ–સ્વર્ગ–અપવર્ગનો ભાગી થઇ શકતોજ નથી. જેમ કડછો ગમે તેટલી વાર દૂધપાકમાં ફરે પણ તેને તેનો સ્વાદ મળતોજ નથી, પણ જો એક બિંદુ માત્ર જીભ ઉપર યત્નથી મૂકવામાં આવે તો તત્કાળ તેનો ખરો સ્વાદ મળી શકે છે, તેવીજ રીતે મિથ્યાજ્ઞાન સમ્યગ્જ્ઞાન આશ્રી સમજવું. તત્ત્વશ્રદ્ધા–વિવેક વિનાના ઘણા જ્ઞાનથી પણ નહિ સિદ્ધેલાના અને અષ્ટ પ્રવચન માત્ર યા કેવળ એકજ પદ જેટલા સમ્યગ્ જ્ઞાનથી સિદ્ધિગતિ પામેલાના સેંકડો દાખલા પવિત્ર શાસ્ત્રોમાંથી મળી આવે છે; એમ સમજી મહા મુશીબતે મળેલી આ અમૂલ્ય માનવ દેહાદિક સામગ્રીની સફળતા કરવા અને તેમ કરવા જતાં નડતા પ્રતિબંધોને દૂર કરવા માટે પોતાથી બને તેટલો પ્રયત્ન કરવો જરૂરનો છે. તેજ ખરૂં શૌર્ય છે. તેજ ખરો પુરૂષાર્થ છે કે જેવડે અનંત ભવભ્રમણરૂપ મહા આપત્ સહજ એકજ ભવના અલ્પમાત્ર પ્રયાસથી તરી શકાય. આ અલ્પ આયુષ્યવાળાં મનુષ્યદેહમાંથી બનતી ત્વરાથી સાર કાઢી લેવાય તો તે 'કુંડમાંથી રત્ન કાઢવા' જેવું સહજ–અલ્પ શ્રમ સાધ્ય છે. પરંતુ પાપી પ્રમાદને પરાધીન થયેલા પામર પ્રાણીને તો તે પરમ દુર્લભજ છે. પાછી તેવી (માનવ દેહાદિકની) સામગ્રી સાંપડવી બહુ મુશ્કેલ છે. આવા જીવોના બંને ભવ બગડે છે. તે બાપડા બાંધી મુઠીએ આવ્યા છતાં ખાલી હાથે જાય છે. યાવત્ જન્મમરણના અનંત દુઃખના ભાગી થાય છે, જે દુઃખને

પરાધીનપણે તેમને અવશ્ય સહન કરવું જ પડે છે. અત્ર તો સ્વાધીનપણે અલ્પ માત્ર દુઃખ સહન કરી ધર્મ સાધન સુખે સુખે થઇ શકે તેમ છે; છતાં સુખશીલ થઈ પરમાર્થ સાધન પરાઙ્મુખ રહી કેવળ ક્ષણિક સુખની ખાતર અનંત ભાવીદુઃખને સ્વીકારે છે. આ તે કેવું શાણપણું ! ચિંતામણિ રત્ન જેવી દુર્લભ પણ સહેજે મળેલી સામગ્રી હારી જઇ, બાપડા પાછળથી બહુજ શોચે છે, છતાં પછી કંઇપણ વળતું નથી. તેવા જીવો બાપડા મહાર્ઘ્ય મનુષ્યજન્મ પામ્યા છતાં નહિ પામ્યા બરાબર છે.

૬૦ મહાવ્રતને દ્રવ્ય અને ભાવથી પાળતાં પ્રાણી પરમ શ્રેય પ્રાપ્ત કરે છે.

૬૧ પાંચે મહાવ્રતમાં 'અહિંસા' મુખ્ય છે. શેષ ચારે તેની રક્ષા માટે છે.

૬૨ સ્વ સ્વરૂપ યથાર્થ ઓળખી સર્વ જીવને સમાન લેખી કોઇ જીવને મન, વચન કે કાયાથી કોઇ પ્રકારે કિલામણા પોતે કરે નહિ, કરાવે નહિ અને કરનારને રૂડા જાણે નહિ તોજ પ્રથમ મહાવ્રત યથાર્થ પળી શકે છે.

૬૩ ખડ્ગની ધારા ઉપર નાચવા કરતાં પણ પ્રથમ મહાવ્રત યથાર્થ પાળવું કઠીન છે.

૬૪ એવીજ પવિત્ર નિષ્ઠાથી શેષ મહાવ્રતો યથાર્થ પાળી શકાય છે.

૬૫ પવિત્ર પાંચ મહાવ્રતો ઉપરાંત રાત્રિભોજન સર્વથા તજવું અવશ્યનું છે.

૬૬ રાગદ્વેષને સર્વથા જીતવાના પવિત્ર ઉદ્દેશથી ઉક્ત મહાવ્રતાદિકનું સેવન કરવા શ્રી સર્વજ્ઞ—વીતરાગે ઉપદિશ્યું છે, અને પોતે પણ પ્રથમથીજ તેમ તેવાજ પવિત્ર ઉદ્દેશથી સદ્વર્તન (મહાવ્રતાદિ સેવન) કરેલું છે.

૬૭ તેવા પરોપકારનિષ્ઠ પરમાત્માની પવિત્ર આજ્ઞાનું યથાશક્તિ પ્રમાદ રહિત પાલન કરવું એ દરેક સાધુ, દરેક સાધ્વી, દરેક શ્રાવક અને દરેક શ્રાવિકાનું ખાસ કર્તવ્ય છે. અરે ! સારી આલમને આવા પરમાત્મા પ્રભુની પવિત્ર આજ્ઞા હિતકર છે.

૬૮ પરમાત્માની આજ્ઞા સ્યાદ્વાદ રૂપ છે. ઉત્સર્ગ અને અપવાદ, નિશ્ચય અને વ્યવહાર રૂપે તે મનાય છે. દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવ મુજબ તે પ્રવર્તે છે.

૬૯ ઉત્સર્ગાદિક સર્વનો મુખ્ય ઉદ્દેશ મોક્ષજ સાધવાનો હોયછે.

૭૦ દ્રવ્યાદિક અનુકૂળ સામગ્રીયોગે ઉત્સર્ગ (વિધિ વિહિત) માર્ગજ સેવવાનો છે; પરંતુ તેજ દ્રવ્યાદિક પ્રતિકૂળ સામગ્રીયોગે અપવાદ (નિષિદ્ધ) માર્ગ સેવવાનો છે. શુદ્ધ જ્ઞાન દર્શન ચારિત્રરૂપ આત્મધર્મ પ્રગટ થાય તે નિશ્ચય ધર્મ કહેવાય છે, અને તેટલાજ માટે દાન, શીલ, તપ અને ભાવના અથવા ઉત્સર્ગ યા અપવાદ, યથા અવસર, ગૃહસ્થ કે સાધુ તરીકે સ્વ અધિકાર મુજબ જે આદરવામાં આવે તે વ્યવહાર કહેવાય છે. વ્યવહાર સાધન રૂપ છે અને નિશ્ચય તેનું સાધ્ય છે, અથવા સાધ્ય દૃષ્ટિથી સર્વે સાધનરૂપ હોવાથી અંતે તે મોક્ષફળ અર્પે છે; માટેજ સર્વત્ર શ્રીસર્વજ્ઞઆજ્ઞાજ પ્રમાણ છે.

૭૧ કદાગ્રહથી શ્રીસર્વજ્ઞઆજ્ઞાખંડનકારીની સર્વ કરણી નિષ્ફળ પ્રાય છે.

૭૨ માટે ધર્મકરણી સ્વસ્વ અધિકાર મુજબ નિર્દંભપણેજ કરવી ઉચિત છે.

૭૩ ધર્મકરણી કરી કુલાઇ જનાર યા પરનિંદા કરનાર પોતાનાં સુકૃતનો લોપ કરી નાંખે છે, માટે પૂર્વ પુરૂષસિંહોની પવિત્ર કરણી સામે દૃષ્ટિ સ્થાપી રાખી સ્વલઘુતા ભાવવી. આપબડાઇ શમાવવાનો એજ ઉત્તમ ઉપાય છે.

૭૪ કહેણી પ્રમાણે રહેણી રાખવી એ સરલતા છે. કહેવું કાંઇ અને કરવું કાંઇ એ વક્રતા છે. સજ્જનો સરલ હોય છે અને દુર્જનો વક્ર—વાંકા હોય છે.

૭૫ દંભ રાખી મુનિવેષ ધારી રાખવા કરતાં નિર્દંભપણે ગૃહસ્થતા સારી છે. કેમકે દંભ રહિત થોડી પણ ધર્મકરણી લેખે લાગે છે.

૭૬ દંભી સાધુ ધર્મના બહાને લોકોને ઠગે છે તેથી તે 'ધર્મઠગ' ગણાય છે.

૭૭ મહાવ્રત ધાર્યા પહેલાં તેનો અભ્યાસ-પરિચય કરી જોવો સારો છે.

૭૮ કોઇ પણ મહાવ્રત કે સામાન્યવ્રત સિંહની પેરે શૂરવીર થઇને લઈ સિંહની જેમ શૂરવીરપણે પાળવું ઉત્તમોત્તમછે.

૭૯ લીધેલાં વ્રતને અણિશુદ્ધ-અખંડ પાળવામાંજ અધિકતા છે.

૮૦ મહાવ્રત પાળવાને અશકત માણસે પ્રથમ શ્રાવકનાં અણુવ્રત અંગીકાર કરવાં, અથવા તે અણુવ્રતોનો પ્રથમ અભ્યાસ પાડવો ઉચિત છે. એકાએક શક્તિને ઉલ્લંઘી કામ કરવા જતાં પડી જવાની ધાસ્તી રહે છે, માટે શાસ્ત્રકારે કાંઇપણ વ્રતાદિક લેતાં પહેલાં તેની તુલના કરવી કહી છે. તુલના કર્યા બાદ વ્રત લેવાની હિંમત આવે છે અને તેનો યથાર્થ નિર્વાહ પણ થઈ શકે છે. માટે વ્રતાકાંક્ષીએ પ્રથમ વ્રતની તુલના કરવા પ્રયત્ન કરવો.

૮૧ મહાવ્રતના અર્થી શ્રાવકને પ્રથમ શ્રાવકની ૧૧ પડિમા (પ્રતિમા) વહેવા શાસ્ત્રકાર ફરમાવે છે. તે પ્રતિમા અનુક્રમે એક માસની, બે માસની, એમ અગીઆરમી અગીઆર માસની છે. પ્રથમ તો પ્રતિમાની પણ તુલના કરાય છે.

૮૨ ૧ દર્શન (સમકિત), ૨ વ્રત, ૩ સામાયક, ૪ પોષધ, ૫ પ્રતિમા (કાયોત્સર્ગ), ૬ બ્રહ્મચર્ય, ૭ સચિત્તત્યાગ, ૮ આરંભત્યાગ, ૯ અનુમતિ (આરંભ સંબંધી)નો ત્યાગ, ૧૦ પોતાના નિમિત્તે થયેલા આહારનો ત્યાગ, ૧૧ શ્રમણભૂત (સાધુની પેરે નિર્દોષ આહારની ગવેષણા, યથાશક્તિ લોચાદિ કષ્ટ વિગેરેનું કરવું) વિશેષમાં તે સાધુનીપેરે ધર્મલાભ એમ ન કહે તેમજ સ્વજ્ઞાતિ વર્ગમાં ગોચરી જાય. આ પ્રમાણે અગ્યાર શ્રાવકની પ્રતિમાઓ છે. તેનો વિશેષ અધિકાર ગ્રંથાંતરથી જાણવો. ઉત્તર ઉત્તર પ્રતિમા વહેતાં પૂર્વલી પૂર્વલી પ્રતિમા સંબંધી સર્વ ક્રિયા પાળવીજ જોઈએ.

જે મહાનુભાવ શ્રાવકે ઉપર કહેલી સર્વ પ્રતિમાઓ અચ્છી રીતે વહી હોય તેને દીક્ષા-ચારિત્ર ધર્મ સેવવો સુલભ થઇ પડેછે.

૮૩ સમકિત એ સર્વ વ્રતનો પાયો છે અને સર્વ ગુણનું નિધાન છે.

૮૪ અંક-એકડા વિનાની શુન્યોની જેમ સમકિત વિનાની ધર્મકરણી પરમાર્થફળ-મોક્ષફળદાયી થતી નથી. સમકિત પૂર્વક સર્વ સફળ થાય છે.

૮૫ શમ (કષાયશાંતિ), સંવેગ (મોક્ષાભિલાષ), નિર્વેદ (સંસારથી વૈરાગ્ય-ઉદાસીનતા), અનુકંપા (દ્રવ્ય-ભાવ કરૂણા) અને આસ્તિકતા (તત્ત્વશ્રદ્ધા)એ પાંચ લક્ષણથી સમકિત ઓળખાય છે.

૮૬ મનશુદ્ધિ-મનથી શુદ્ધ ધર્મ-ધર્મી વિના બીજા કોઇનું ધ્યાન કરે નહિ, વચન શુદ્ધિ-શુદ્ધ ધર્મ-ધર્મીની ભક્તિજ કલ્પવેલીછે. ઇષ્ટ સુખ આપવા તેજ સમર્થ છે. બીજા કશાથી ઇષ્ટ સુખ મળી શકતુંજ નથી એમ પ્રગટ મુખથી બોલે તે, કાયશુદ્ધિ-શુદ્ધ ધર્મ ધર્મી વિના કોઇને કાયાથી પ્રણામ કરે નહિ.

આ ત્રણ શુદ્ધિવડે સમકિત શુદ્ધ-નિર્મળ થાય છે.

૮૭ શંકા (વીતરાગનાં વાક્યમાં સંદેહ), કંખા (કુમતની વાંછા), વિગિચ્છા (ફળનો સંદેહ), મિથ્યાત્વીની પ્રશંસા અને મિથ્યાત્વીનો પરિચય, આ પાંચ સમકિતને મલીન કરનાર દુષણો છે.

૮૮ આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષના ઉપાય પણ છે, એ છ સમકિતનાં સ્થાન છે.

૮૯ આ ઉપરાંત ૪ પ્રકારે સદ્દહણા, ૩ લિંગ, ૧૦ પ્રકારે વિનય, ૮ પ્રભાવક, ૫ ભૂષણ, ૬ જયણા, ૬ આગાર મળી સમકિતના ૬૭ બોલ વિચારવા યોગ્ય છે, સમકિતના અર્થી જનોએ ૬૭ બોલની સમકિતની સઝાયનો પરમાર્થ વિચારી ઉચિત વિવેક ધારવા ચુકવું નહિ- સમકિત સારભૂત છે, માટે પ્રથમ તેની પ્રાપ્તિ માટેજ વિશેષ પ્રયત્ન સેવવો ઘટે છે.

૯૦ જે સમકિત વિગેરેની પ્રાપ્તિવાળો હોઇ સુસાધુ સમીપે શુદ્ધ સામાચારી સાંભળે છે તે શ્રાવક કહેવાય છે. સમ્યગ્ જ્ઞાન વિના વિવેક પ્રગટે નહિ; માટે સમ્યગ્ જ્ઞાનાર્થે સુસાધુ સમીપે વિનય પૂર્વક ધર્મ સાંભળવો.

૯૧ મૈથુન સેવા કરનારો નવલક્ષ પ્રમાણ સૂક્ષ્મ જીવોને હણે છે એવાં જ્ઞાનીનાં વચનની પ્રયત્ન પૂર્વક પ્રતીતિ કરવી. પ્ર-

હ્મચર્ય-શીલ પાળનાર તેટલા જંતુઓને અભય આપનાર નીવડેછે. તે વાત આથી સિદ્ધ થાય છે.

૯૨ સ્રી પુરૂષના મૈથુનથી અસંખ્યાત .સંમૂર્છિમ મનુષ્ય પંચેદ્રિય જીવો ઉદ્ભવે છે એમ પન્નવણા સૂત્રમાં પરમાત્મ પ્રભુનું પ્રમાણભૂત વચન છે.

૯૩ સ્રીપુરૂષના મૈથુનથી શુક્ર (વીર્ય) અને શોણિત (રૂધીર)ના સંયોગે ઉત્કૃષ્ટ નવલક્ષ પ્રમાણ ગર્ભજ મનુષ્ય પંચેંદ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. જેમાંથી પ્રબળ આયુષ્યવાળા ૧-૨-૩ જીવો બચી રહે છે. શેષ ચ્યવી જાય છે. વિવેકથી બ્રહ્મવ્રત પાલક ઉક્ત સર્વ જીવોના અભયદાતા ઠરે છે.

૯૪ મદ્ય (મદિરા), મધુ (મધ), માંસ અને માખણમાં તેવા રંગના અસંખ્યાતા જંતુઓ ઉપજે છે-પેદા થાય છે.

૯૫ અપકવ, પકવ અને રંધાતા એવા માંસમાં સદા સૂક્ષ્મ જીવોત્પત્તિ છે.

૯૬ એમ સમજી ઉક્ત ચારે મહા વિગઇયોને અભક્ષ્ય ગણી તજી દેવી યોગ્ય છે. તે ઉપરાંત ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાયનું સ્વરૂપ સૂક્ષ્મ રીતે સમજવા યોગ્ય છે. વ્રતધારી શ્રાવક શ્રાવિકાએ તેમનો ત્યાગ કરવોજ જોઇએ.

૯૭ જિનશાસનની વૃદ્ધિ કરનારૂં અને જ્ઞાન દર્શન ગુણને દીપાવનારૂં એવું દેવદ્રવ્ય (દેવાધિદેવની ભક્તિ અર્થે સમર્પિત કરેલ જંગમ કે સ્થાવર મિલ્કત) જે શુભાશય વિવેક પૂર્વક આચવે છે તે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરે છે. જ્યાં જેમ વાપરવું ઘટે તેમ વાપરતાં તેનું સંરક્ષણ કરવું ઘટે છે.

૯૮ ઉક્ત દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર અનંત સંસાર પરિભ્રમણ કરે છે.

૯૯ ઉક્ત દેવદ્રવ્યનું પોતે ભક્ષણ કરે, તેનો જાતે લોપ કરે યા કરાવે યા લોપ કરનારની ઉપેક્ષા કરે તે શ્રાવક બુદ્ધિહીન છતો પાપકર્મથી જરૂર લેપાય છે.

૧૦૦ દેવદ્રવ્યનો નાશ કરતાં, મુનિની હત્યા કરતાં, શાસનની હેલના કરતાં તથા સાધ્વીના શીલનું ખંડન કરતાં સમ-

કિત વૃક્ષના મૂળમાં અગ્નિ મૂકાય છે. ઉપર બતાવેલી ચાર બાબત કરનારનું સમકિત મૂળથીજ બળી જાય છે.

૧૦૧ આ દુષમ કાળમાં શ્રી જિનાગમની પેરે જિનપ્રતિમા ખાસ આધારભૂત છે.

૧૦૨ ઉક્ત જિનપ્રતિમા શાશ્વતી અને અશાશ્વતી એમ બે પ્રકારે શાસ્ત્રમાં કહી છે. શ્રી રાયપશ્રેણી, જીવાભિગમ, ભગવતી, જંબૂદ્વીપ પન્નતી, ઠાણાંગ વિગેરે આગમોમાં શાશ્વતી અને જ્ઞાતાજી, કલ્પસૂત્ર અને વ્યવહાર સૂત્રમાં અશાશ્વતી પ્રતિમાનો અધિકાર બતાવ્યો છે. પરમાત્મ પ્રભુની પવિત્ર પ્રતિમાની પૂર્ણ પ્રતીતિ કરી પ્રમોદ પૂર્વક પ્રણિધાન–પ્રણામ કરનારના મિથ્યા પડળ અવશ્ય દૂર થાય છે. પ્રભુના મૂળ રૂપની આબેહુબ પ્રતીતિ કરાવનાર તેની પ્રતિમાજ છે. ભવ્ય જનોએ એ અવશ્ય અવલંબવા–પૂજવા, ધ્યાવા, નમવા અને સ્તવવા યોગ્ય છે. દુર્લભ બોધીનેજ તેની ઉપર દ્વેષ ઉપજે છે.

૧૦૩ કેવળ કદાગ્રહથી ચૈત્ય (પ્રતિમા) ના દ્વેષી ઉપર પણ દ્વેષ નહિ કરતાં મધ્યસ્થભાવે રહેવું યોગ્ય છે. દ્વેષથી બંનેનું બગડે છે. મધ્યસ્થ રહેતાં આપણું બગડતું નથી.

૧૦૪ શ્રેષ્ઠ–સુગંધી પુષ્પ, ગંધ (ચંદનાદિ), અક્ષત (ચોખા), પ્રદીપ, ફળ, ધૂપ, જળ (કળશ) અને નૈવેદ્ય ઢોકવા વડે શ્રી જિનપૂજા અષ્ટપ્રકારી કહી છે. બીજા પણ પૂજાના બહુ ભેદો શાસ્ત્રમાં કહ્યા છે તે જાણીને વિવેક પૂર્વક આદરવા બુદ્ધિમંતોએ ખપ કરવો.

૧૦૫ અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એવા મુખ્ય ત્રણ પ્રકાર જિનપૂજાના જાણીને અધિકાર મુજબ યથાવિધિ પ્રભુપૂજામાં ભવ્ય પ્રાણીઓએ પ્રયત્ન કરવો.

૧૦૬ ગૃહસ્થને દ્રવ્ય પૂર્વક ભાવપૂજાનો અને સાધુ નિગ્રંથોને કેવળ ભાવપૂજાનોજ અધિકાર છે.

૧૦૭ રોગીને ઔષધની જેમ દ્રવ્યપૂજા આરંભગ્રસ્ત ગૃહસ્થોને ગુણકારી છે.

૧૦૮ દ્રવ્યશૌચ–જળસ્નાન પૂર્વકજ ગૃહસ્થને અંગપૂજાની આમન્યા છે.

૧૦૯ વિધિ પૂર્વક પ્રભુપૂજન કરી સ્થિર ચિત્ત રાખી ઉચિત અવગ્રહ સાચવી ગૃહસ્થે ચૈત્યવંદન કરવું. તે પણ ઈરીયાવહી પૂર્વક કરવું યોગ્ય છે.

૧૧૦ શ્રદ્ધાવંત એવો શ્રાવક પ્રતિદિન ત્રિકાળ (પ્રભાતે, મધ્યાન્હે અને સાંજે) જિનપૂજા યથાવિધિ કરી ચૈત્યવંદન અવશ્ય કરે.

૧૧૧ આખા દિવસમાં થઈને મુનિને સાતવાર ચૈત્યવંદન કરવાં જોઈએ. (સવારે ઉઠતાંજ ૧ 'જગચિંતામણિ,' ૨ 'વિશાળ લોચન,' ૩ જિનમંદિરે, ૪ પચ્ચખાણ પારતાં, ૫ આહાર કર્યા બાદ, ૬ સાંજે પ્રતિક્રમણમાં 'નમોસ્તુ વર્ધમાનાય', ૭ સંથારતાં 'ચઉક્કસાય', એવં સાત સાધુ આશ્રી સમજવાં.) ઉભયકાળ પ્રતિક્રમણ કરનાર ઉત્કૃષ્ટ શ્રાવકને પણ સાત વાર (પ્રભાતે 'જગચિંતામણિ' તથા 'વિશાલલોચનદલ', ત્રણ કાળ પ્રભુપૂજા કરી ત્રણવાર ચૈત્યવંદન અને સાંજે 'નમોસ્તુ વર્ધમાનાય' અને 'ચઉક્કસાય,' એવં સાત.) એક વખત પ્રતિક્રમણ કરનારને પાંચ અને ત્રિકાલ પ્રભુપૂજા કરનારને ત્રણવાર ચૈત્યવંદન કરવાનાં છે. આ વિસ્તાર વિધિ રસિક માટે કરેલો છે.

૧૧૨ દ્રવ્ય-ભાવ પૂજા કરવાનો મૂળ હેતુ જિનરૂપ થવાનો છે, એટલે રાગાદિક અંતરંગ શત્રુઓને જીતવાનોજ છે. એવા લક્ષથીજ જિનપૂજા કરવી જોઈએ.

૧૧૪ અંતરંગ ઉપયોગ વિના શૂન્યપણે-દેખાદેખી કરેલી ધર્મકરણીથી એટલો બધો પરમાર્થ સધાતોજ નથી, માટે લક્ષ સુધારવા જરૂર કાળજી રાખવી.

૧૧૫ અંતરંગ ભાવથી લક્ષ પૂર્વક ૧૮૦૦૦ મુનિઓને વંદન કરતાં કૃષ્ણને કેટલો બધો લાભ થયો? શરીરનો ખેદ ન ગણ્યો તો તીર્થંકરનામકર્મ અને ક્ષાયક સમકિત વિગેરેનો અપૂર્વ લાભ પામ્યા. વળી સાતમી નરકની ત્રીજી થઈ, માટે ભાવ પૂર્વકજ શુભ કરણી કરવી.

ઈત્યલમ્.

---

# आराधना प्रकरण.

### લેખક સન્મિત્ર કર્પૂર વિજય.

આ નામનું એક અમૂલ્ય પ્રકરણ પૂર્વર્ષિ પ્રણીત છે, જે ઉપરથી મહોપાધ્યાય શ્રી વિનયવિજયજીએ આરાધના સ્તવન કર્યું છે, જે પ્રાયઃ અવસાન વખતે સંભળાવવામાં આવે છે. જો કે આવી સ્થિતિ છે તો પણ તેનો ખરો આશય હૃદયમાં પૂર્વથી સ્થપાયા વિના પ્રાયઃ વાંચનાર તેમજ સાંભળનારનો ઉદ્દેશ જોઇયે તેવો પાર પડી શકતો નથી, માટે તેનો આશય સમજવાની ખાસ જરૂર છે. તેમાં દશ અધિકાર કહ્યા છે. તેની ઉત્પત્તિ આવી રીતે છે.

" એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવનાં હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ.
મુક્તિ મારગ આરાધિયે, કહો કેણીપેરે અરિહંત;
સુધાસરસ તવ વચનરસ, ભાખે શ્રી ભગવંત.
૧ અતિચાર આળોઇયે, ૨ વ્રત ધરિયેં ગુરૂ સાખ;
૩ જીવ ખમાવો સયલ જે, યૌનિ ચોરાસી લાખ.
૪ વિધિ શું વળી વોસરાવીયે, પાપ સ્થાન અઢાર;
૫ ચાર શરણ નિત્ય અનુસરો, ૬ નિંદો દુરિત આચાર.
૭ શુભ કરણી અનુમોદિયે, ૮ ભાવ ભલો મન આણ;
૯ અણસણ અવસર આદરી, ૧૦ નવપદ જપો સુજાણ.
શુભ ગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જિમ પામો ભવપાર. "

પ્રથમ અધિકાર—જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારમાં જે જે અતિચાર જાણતાં અજાણતાં લાગ્યા હોય તે સર્વે મન વચન અને કાયાની એકાગ્રતાએ શ્રી ગુરૂ સાખે ઉપયોગ પૂર્વક આલોચવા નિંદવા યોગ્ય છે. એમ સર્વત્ર આગળ સમજવું. આવો અભ્યાસ જો નિરંતરનો થઈ ગયો હોય તો અંત વખતે આરાધના બહુજ સારા પ્રકારની થવા સંભવ છે. અભ્યાસથી સર્વ કંઇ સાધ્ય થઇ શકે છે. દરેક દરેક આચાર

સંબંધી અતિચાર 'આરાધના યા પુણ્યપ્રકાશના સ્તવન'થી સ્વયં ન સમજી શકાય તે ગુરૂગમ્ય સમજી, વિચારી, નિશ્ચય કરી પરીહરવા-તજવા યોગ્ય છે.

૨ સાધુ—મુનિરાજ યોગ્ય પાંચ મહા વ્રત લેવાની શક્તિ અને પરિણામ-ભાવ હોય તો તેમ, નહિં તો શ્રાવક યોગ્ય ૧૨ વ્રત (૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત); અવશ્ય ગ્રહવાનો ખપ કરી તે સર્વે નિરતિચાર (અતિચાર દોષ રહિત) પાળવા પ્રયત્ન કરવો. કંઈ પણ વ્રત ગ્રહણ કરવું કઠીણ જણાય તો પ્રથમ તેનો અભ્યાસ કરી જોવો. અભ્યાસથી જે કઠણ લાગતું હશે તેજ પાછું સુલભ થઇ પડશે. સુલભ સમજાયા પછી વ્રત અંગીકાર કરવામાં વિલંબ કરવો નહિં. વિલંબથી તમારૂંજ ખોશો. વિવેકથી આદરેલાં વ્રતને નિરંતર સંભારી રાખી હૈયાના હારની પેરે યત્નથી પાળજો. તે તે વ્રત પાળતાં જે કોઇ અતિચારાદિક દોષ લાગે તે શીઘ્ર સુધારી અંતે તેનો પુનઃ ઉદ્ધાર કરી જેમ વ્રતારાધક થવાય તેમ નિત્ય ઉજમાળ રહેજો.

૩. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ જેનું એક સરખું હોય એવું જીવને ઉત્પન્ન થવા યોગ્ય સ્થાન 'જીવાયોાન' કહેવાય. એવી યોનિસંખ્યા સર્વ જીવ આશ્રીને ૮૪ લક્ષ પ્રમાણ છે. તેમાં ઉત્પન્ન થતા સર્વ પ્રકારના અનંત જીવોને મિત્ર કરી લેખો, કોઇને શત્રુ ન લેખો. રાગ દ્વેષ તજી સર્વ સાથે સમભાવે વર્ત્તો. કોઇ જીવ સાથે કોઈ પ્રસંગે અપ્રીતિ ઉપજી હોય તો તે તરત ખમાવી દેવી, સ્વજન, કુટુંબી કે સાધર્મીને શુદ્ધ ભાવથી ખમાવી સ્વજન્મ સફળ કરવો. યાવત્ ભવોભવના વેર વોસરાવવા. એ પવિત્ર જૈનશાસનની રીતિ છે.

૪. ૧૮ પાપસ્થાન પુનઃ પુનઃ સમજી પરીહરવા પૂરતો પ્રયત્ન કરવો ઉચિત છે. નહિંતો પોપટના રામ રામ જેવું કર્યું ગણાય. હિંસા, અસત્ય, ચોરી, જારી, મૂર્છા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, કુડુંઆળ, ચાડી, રતિ-અરતિ, પરનિંદા, માયા સાથે જુઠ (કહેવું કંઇ અને કરવું કંઇ) અને વિપરીત શ્રદ્ધા (મિથ્યા કદાગ્રહાદિક) અવશ્ય વર્જ્ય છે. પાપ મા-

ત્ર તજી નિષ્પાપ-નિર્મળ થવું હોય તેણે સર્વ પાપસ્થાનક નિર્મૂળ કરવા સતત અભ્યાસ કરવોજ જોઇયે. અંત વખતે અવશ્ય પાપ સંબંધી આલોચના કરવી અને મન વચન તથા કાયાના યોગો નિર્દોષ વૃત્તિમય કરવા યોગ્ય છે.

૫. રાગ દ્વેષ અને મોહાદિક સર્વ અંતરંગ શત્રુનો નાશ કરનાર શ્રી અરિહંત, તથા સર્વ કર્મનો સર્વથા ક્ષય કરનાર સિદ્ધ ભગવાન, તથા સર્વ મૂર્છા ત્યાગી, સ્વભાવ કામી-શાંત રસાસ્વાદી તથા સર્વ જીવહિતકારી શ્રી સાધુ-મુનિરાજ અને સર્વજ્ઞ પ્રણીત સ્યાદ્વાદ ધર્મ-એ ચારે સર્વ મોક્ષાર્થી જનોને સર્વદા શરણ કરવા યોગ્ય છે. કષ્ટસમયે અને અંત વખતે તો અવશ્ય શરણ લેવા યોગ્ય છે. તે ચારે શરણુ લેનારને એકાંત સુખદાતા છે.

૬. આ ભવ કે પરભવમાં આ જીવે મને વચને કે કાયાએ કરી જે જે પાપ પોતે કર્યાં હોય, બીજા પાસે કરાવ્યાં હોય, તેમજ કરનારને સારા માન્યાં હોય તે તે સર્વ પાપ વિવેક પૂર્વક નિંદી ગર્હી-પોતાના આત્માની શુદ્ધિ કરવી અવશ્યની છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગોવડે કરેલાં કુકર્મ અવશ્ય નિંદવા યોગ્ય છે. દેવ ગુરૂ સંઘ સાધર્મી જનોની જરાપણ અવજ્ઞા આલોચવા યોગ્ય છે. કોઈ જીવને સુખને બદલે દીધેલું દુઃખ તે અવશ્ય નિંદી પરીહરવા યોગ્ય છે. અંત વખતે તો અવશ્ય સર્વ દૂષ્કૃત આલોચી નિંદી આત્માને નિઃશલ્ય કરવો યોગ્ય છે.

૭. પોતે શુભ સામગ્રી યોગે જે જે સુકૃત કરી શક્યો-દાન, શીલ, તપ, ભાવના, તીર્થ યાત્રા, વ્રત પચ્ચખાણ કરી શક્યો હોય તે તે સર્વ શ્રી સર્વજ્ઞ શાસનની નીતિ મુજબ કરવામાં આવ્યું હોય તે તથા જે જે શુભ અનુષ્ઠાન શ્રી સર્વજ્ઞ નીતિ મુજબ ગમે ત્યારે ગમે તેનાથી કરવામાં આવતું હોય તે તે સર્વ સુકૃતોની અનુમોદના કરવા યોગ્ય છે. સર્વ પ્રાણીના સર્વ કાળ સંબંધી સુકૃતો સદ્ગુણો સદા સંભારી સંભારી પ્રશંસવા યોગ્ય છે, તેથી આત્મામાં તેવાં સુકૃતો કરવા સહજ જાગૃતિ વધે છે. તેવાં સુકૃતોની ભાવના પણ ભવભય હરે છે તો સાક્ષાત્ સુકૃતકરણીનું તો કહેવુંજ શું ?

૮ અનિત્યાદિક ૧૨ ભાવના ચાતો મૈત્રી પ્રમુખ ૪ ભાવના ભાવી આત્માનેસમતા યુક્ત કરવો. અહંતા મમતા મુકી-મોહ માયા છોડી પોતે કોણ છે અને પોતાનું શું છે એજ વિચારવું. સ્ફટિકરત્ન જેવું નિર્મળ પોતાનું સ્વરૂપ છે એવું ધ્યાવવું. શુદ્ધ આત્મદ્રવ્ય તેજ હું અને શુદ્ધ જ્ઞાનાદિક ગુણોજ મારૂં (ધન) એમ માનવું (સત્ય છે). આવી શુભ ભાવના નિરંતર ભાવવા યોગ્ય છે. કોઇ મોટા ઉપદ્રવ વખતે કે છેવટ અંત સમયે તે અવશ્ય સેવવા યોગ્યજ છે.

૯ આ જીવે અનાદિ ચારગતિ રૂપ સંસારમાં ભમતાં અનેક પ્રકારના ભોગ ભોગવ્યા તો પણ તૃપ્તિ ન પામ્યો તેમજ અનેક સ્થળે અનેક પ્રકારે વિટંબના પામ્યો છે તોપણ તેથી નિર્વેદ પણ ન પામ્યો તો હવે કોઇ સુભાગ્યે સત્ સમાગમ પામી પોતાની અનાદિની ભૂલ સમજી-નિર્ધારી તેને સુધારવા નિશ્ચય કરી શક્તિ અનુસારે વ્રત પચ્ચખાણ નિત્ય પ્રતિ કરવા ઢાળ પાડી અંતે-અંત વખતે સર્વ પ્રકારના આહારને તજવા ઉજમાળ થઈ સર્વ લલુતા તજી, તત્ત્વજ્ઞાન વૈરાગ્યથી આત્માને ભાવિત કરી, સર્વ વિષય-વિકારથી વિરક્ત થઇ, સંસાર ઉપર ઉદાસીનભાવ પ્રગટાવી, ચારે આહાર પચ્ચખી (ગુરૂમહારાજ સમક્ષ) અનશન આદરવું યુક્ત છે. ઉક્ત અનશન આદરી ક્ષણે ક્ષણે વૈરાગ્યભાવની વૃદ્ધિ થાય તેવા ધન્ના, શાલીભદ્ર, ખંધકમુનિ તથા મેઘકુમારાદિકના ઉદાર ચરિત્રોનું સ્મરણ કર્યા કરવું. આવી ઉત્તમ રીતે અનશન આરાધનાર સંસારનો અંતકરી શીઘ્ર મોક્ષ જઇ શકશે.

૧૦ સર્વ શાસ્ત્ર ઉપનિષદ્ભૂત ચૌદપૂર્વનો સાર મહિમાસાગર મહા મંત્રાધિરાજ શ્રી નવકાર મંત્રજ છે. ચિંતામણિરત્નની પેરે તે યત્નથી સંભારી રાખવા યોગ્ય છે. એકજ વખત તેનું સ્મરણ કરતાં ૫૦૦ સાગરનાં પાપ પ્રલય જાય છે તો જે મહાભાગ્યો તેનું નિરંતર એકાગ્રપણે સ્મરણ કરે તેનું તો કહેવુંજ શું? અંત વખતે પણ તેમાં ઉપયોગ રહે તો તેના પ્રભાવથી સર્વ પાતક ગાળીને તે સ્વર્ગગતિ આપે છે. નવકારના પ્રભાવે સુખ સંપત્તિ પામેલા અનેકનાં દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. શુદ્ધ મનથી તે મહા મંત્રનું સ્મરણ કરનાર અક્ષયસુખ પ્રાપ્ત કરી શકે છે.

એ દશ અધિકાર અત્ર લેશમાત્ર બતાવ્યા છે. તેનો વિશેષ ભાવ વિચારી જે ભવ્યો આદરશે તે અવશ્ય આરાધક થશે.

ઈત્યલમ્.

---

# दंभ त्याज्य दुर्लभ छे.

## લેખક સન્મિત્ર કર્પૂરવિજય.

ગમે તેવી કઠિન કરણી અભ્યાસબળે કરી શકાય છે. વિવિધ વ્રતો આદરી શકાય છે. વિવિધ ધર્મ-ક્રિયા કરી શકાય છે. ભૂમિ શય્યા, ભિક્ષા-ભોજન, જીર્ણ વસ્ત્ર ધારણ કરવાં સુલભ છે. વનમાં વસવું, મેલા રહેવું, કેશલોચ કરવો તેમજ વિવિધ પ્રકારે કાયાને દમવી સુકર છે. પરંતુ સર્વ પાપનું મૂળ-દંભ તજવો દુષ્કર છે. દંભ તજ્યો તેણે સર્વ તજ્યું અને દંભ સેવ્યો તેણે સર્વ (પાપ) સેવ્યું સમજવું. સર્વજ્ઞ વિતરાગ પ્રભુની એજ શાશ્વતી આજ્ઞા છે કે કોઈ પણ કાર્ય દંભ રહિતજ કરવું. શુભ ધર્મકરણી એકજ રીતે સર્વદા કરવી. તેથી બીજી રીતે નજ કરવી. એવી એકાંત આજ્ઞા શ્રી સર્વજ્ઞ પ્રભુની નથીજ. કિંતુ જેવાં જેવાં દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ હોય તેવાં તેવાં દ્રવ્યક્ષેત્રાદિક યોગે જેવું સાધન જેવી રીતે સરલતાથી સાધી શકાય એમ હોય તેવું સાધન તેવી રીતેજ સાધવાની શ્રી સર્વજ્ઞ પ્રભુની પવિત્ર આજ્ઞા પ્રવર્તે છે. અને તેજ પ્રમાણે વિવેકથી વર્તતાં હિત થાય છે અન્યથા અહિત થાય છે એવો સ્પષ્ટ શાસ્ત્રકાર ખુલાસો કરે છે. યતઃ—

जिनेनानुमतं किंचिन्निषिद्धं नापि किंचन ।
कार्ये भाव्यमदंभेन, इत्याज्ञा पारमेश्वरी ॥ (અધ્યાત્મસાર)

એકદા એક ભાવિક શ્રાવિકાને ઘરે એક સાધુ ગોચરી આવ્યા. સાધુદર્શનથી હર્ષિત થઈ શ્રાવિકા વિવિધ રસવતી (કોઈ રીતે દૂષિત થયેલી) લાવી, તે વ્હોરવા સાધુજીને વિનવે છે પરંતુ તે સાધુજી તેમાંથી કાંઈ પણ લીધા વિનાજ પાછા નિવર્ત્યા. એવામાં એક બીજા સાધુનું ત્યાં આવવું થયું. તેને વિવિધ રસ-

વતી વ્હોરવા કહેવાથી તેણે પોતાને જોઇતી વસ્તુ વ્હોરી લીધી. પછી તેને નમ્રપણે શ્રાવિકાએ પૂછ્યું કે 'આપની પહેલાં એક સાધુજી આહાર નિમિત્તે આવ્યા હતા તેમને મેં આ વસ્તુ વ્હોરવા બહુ આગ્રહ કર્યા છતાં તેઓ વ્હોર્યા વિના ચાલ્યા ગયા તેનું શું પ્રયોજન હશે?' તેણે જણાવ્યું કે "બ્હેન! 'તે સાધુજી બહુ આત્માર્થી-ભવભીરૂ હોવાથી નિર્દોષ આહારની ગવેષણા કરે એવા છે તેથીજ સરસ આહારમાં મૂર્છા નહિં પામતાં અન્યત્ર નિર્દોષ આહારની ગવેષણા કરવા ગયા. હું તો તેવો આત્માર્થી નહિં હોવાથી કેવળ વેષધારીજ છું. તે મહાત્માનેજ ધન્ય છે કે જેના દર્શન માત્રથી પણ પાપ પ્રલય જાય." એમ પ્રશંસીને તે સાધુ પોતાને સ્થાને ગયા. થોડી વારમાં એક ઓર સાધુ આવ્યો તેને પણ આહાર તેની ઇચ્છા મુજબ વ્હોરાવ્યા બાદ શ્રાવિકાએ પૂર્વલા બંને સાધુ સંબંધી વાત પૂછી તો તેણે કહ્યું કે "પ્રથમ વ્હોર્યા વિના જે સાધુ પાછો વળ્યો તે તો કેવળ દંભી-ઠગજ છે અને તેની પ્રશંસા કરનાર બીજો સાધુ પણ લોકરંજન કરવા મીઠું બોલીને ઠગાઈજ કરનારો છે. અમે પણ પહેલાં એવી કેટલીક ઠગાઇ કરતા હતા પણ તેથી કંટાળી હવે તેમ નહિં કરવા અમે નિશ્ચય કરી આનંદથી વિચરિયે છિયે." તે સાધુની વાત સાંભળી ચતુર શ્રાવિકાએ નિશ્ચય કર્યો કે પ્રથમ આવેલા સાધુ કેવળ નિઃસ્પૃહ હોવાથી ઉત્તમોત્તમ છે અને બીજો સાધુ પણ ગુણ પક્ષપાતી-ગુણરાગી હોવાથી ઉત્તમજ છે. પણ તે ઉભયની નિંદા કરી આપબડાઇ કરનાર આ ત્રીજો સાધુ તો કેવળ અધમજ છે. આ કથા ઉપરથી ઉત્તમ સાર એ લેવાનો છે કે-૧ સૂર્ય ઉગે છતે કંઇ છાબડે ઢાંક્યો રહેતો નથી, તે જેમ સ્વતઃ પ્રકાશે છે તેમ ઉત્તમોત્તમ ગુણધારક મહા પુરૂષો પણ સ્વતઃ સ્વગુણોવડે જગતમાં પ્રકાશ પામે છે. ૨ પોતામાં તેવા ઉત્તમોત્તમ ગુણોનો આવીર્ભાવ (દેખાવ) થયો ન હોય તેવા પણ તેવાજ સદ્‌ગુણોના ખપી જનોએ નિરંતર સદ્‌ગુણવંત મહાપુરૂષોની સેવા-સ્તુતિ-પ્રશંસા કર્યા કરવી એ પણ ઉત્તમતા પામવાનો સરલમાં સરલ ઉપાય છે. કેમકે ત્રાંબું પણ વેધક

રસથી સોનું થઈ જાય છે. ૩ સૂર્ય સામે ઉડાડેલી રજ પોતાની જ આંખમાં પડે છે તેમ ઉત્તમ પુરૂષોની નિંદા કરનારજ નીચપણું પામે છે, મિથ્યાભિમાન કરવાથી મહા દુઃખી થવા ઉપરાંત જગત્માં દંભી કહેવાય છે; એટલુંજ નહિં પણ અંતે આર્ત રૈદ્રધ્યાનથી મરી મહા નીચ ગતિ પામે છે. માટે ઉચિત છે કે માયા વૃત્તિનો સર્વથા ત્યાગ કરી કેવળ નિંદંભ-નિષ્કપટ વૃત્તિજ ભજવી. દંભી-માયાવી માણસ ગમે તેટલી કઠણ કરણી કરે તો પણ તે પાણીમાં જાય છે. નિંદંભીની થોડી પણ સત્કરણી લેખે પડે છે. દંભ જનિત કરણીથી પાપાનુબંધ થાય છે, અને દંભ રહિત સત્ ક્રિયાથી પુણ્યાનુબંધજ થાય છે. દંભીનું દીલ નિરંતર ભયભીત રહે છે અને નિંદંભનું ચિત્ત સરલ અને સુપ્રસન્ન રહે છે. દંભીના દીલમાં ઉંડી દાઝ હોવાથી તેનું લોહી નિરંતર તપ્યા કરે છે અને દંભ રહિતનું ચિત્ત સુપ્રસન્ન હોવાથી તેમાં શાંત રસ વહ્યા કરે છે. દંભીનું સાચું કહ્યું પણ માર્યું જાય છે, અને નિંદંભીનું અવસર ઉચિત કથન સત્ય-પ્રમાણભૂતજ મનાય છે. દંભી એકજ ભવમાં અનેક જન્મ મરણ યોગ્ય માઠાં કર્મ સંચે છે ત્યારે દંભ રહિત અનેક ભવમાં સંચેલાં અશુભ કર્મનો આ એકજ ભવમાં નાશ કરી શકે છે. આથીજ શ્રી સર્વજ્ઞ પ્રભુ દંભ તજવા વારંવાર ઉપદિશે છે. નિર્દંભ રહી પવિત્ર ધર્મકરણી યથાશક્તિ કરવા સદા સૂચવે છે. છતાં ધૃષ્ટતા (ધિઠાઇ) ધારણ કરીને દંભને સેવી સુખને ઇચ્છતા સેંકડો માણસો નજરે પડે છે. અને સુવિવેક આદરી દંભ રહિત યથાશક્તિ ધર્મ કરણી કરતા કોઇકજ વિરલા મળી આવે છે. ગમે તે હોય પણ દંભવૃત્તિથી દુઃખીજ થાય છે અને દંભતજ્યાથી સુખીજ થાય છે. દંભવડે થોડા વખતમાં થોડા માટે અહુજ બગડવાનું છે અને નિર્દંભતાથી તેટલુંજ સુધરવાનું છે. એમ સમજી ક્ષણે ક્ષણે ઉપયોગ રાખવો યોગ્ય છે. જે ક્ષણ ગઇ તે પાછી આવવાની નથી પણ તેમાં શુભાશુભ પરિણામે સેવવામાં આવેલા ગુણ દોષનું ફળ તો વડના-બીજની પેરે અવશ્ય ભોગવવું પડશેજ. એમ સમજીને પણ શાણા માણસોએ અવશ્ય ચેતવું જોઇયે. ક્ષણ માત્ર કલ્પિત સુખ માટે બહુ કાળનું ભારે દુઃખ વ્હોરવું વ્યાજબી નથીજ. ઇત્યલમ.

# सामायिक विचार.

અનુસંધાન પૃષ્ટ ૧૭૭ થી.

સામાયિક વિધિનું આ સામાન્ય પૂર્વ રૂપ થયું, હવે એનું ક્રિયારૂપે વિશેષ, ઉત્તર રૂપ જોઇએ.—

(૧) સદ્ગુરૂ સમીપે, અતિ દૂર નહિં, તેમ અતિ પાસે નહિં, એમ બેસવું.

(૨) સદ્ગુરૂના અભાવે એઓશ્રીનાં ચિત્રપટ કે અન્ય સ્થાપના સન્મુખ અને તે પણ બનતાં લગણ એઓશ્રી જે જગ્યાએ બિરાજતા હોય, તે દિશા સન્મુખ થઇ ઉપર મુજબ બેસવું.

" ગુરૂ વિરહંમિ ઠવણા " ઇતિશ્રીવિશેષાવશ્યકે. અર્થાત્ સજીવન મૂર્ત્તિ રૂપ પવિત્ર સદ્ગુરૂના વિરહે તેઓશ્રીની સ્થાપના.

(૩) સદ્ગુરૂની એવી સ્થાપનાના અભાવે ઉંચા પવિત્ર આસન ઉપર સદ્ગુરૂના મુખથી ઝરેલા પવિત્ર વચનામૃત રૂપ પુસ્તકાદિ જ્ઞાનોપકરણ ( કે જે એક પવિત્ર સ્થાપનાજ છે. ) મૂકી તેમાં સદ્ગુરૂની ભાવના કરી તે સન્મુખ, પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ સામાયિક કરવું. પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ કહેવામાં એક એવો પરમાર્થ પણ રહેલો છે, કે પૂર્વ દિશા તે દિશામાં ઉદય પામતા સૂર્યનું સ્મરણ કરાવવા સાથે મારા પવિત્ર સદ્ગુરૂ પણ એ સૂર્યની પેઠે પ્રકાશરૂપ, જ્ઞાનરૂપ છે. તેમજ ઉત્તર દિશા તે દિશામાં રહેલા તુંગ અને અચળ મેરૂનું સ્મરણ કરાવવા સાથે મારા સદ્ગુરૂ પણ એ મેરૂની પેઠે ઉદાર,ઉચ્ચ, ધીર, અચળ, અડોળ વૃત્તિવાળા છે. બાહ્ય નિમિત્તો બાળને બહુ વિકસાવે છે.

(૪) બેસવા પૂર્વે બેસવાની ભૂમિ જયણા પૂર્વક પુંજી પ્રમાર્જી બેસવું.

(૫) સામાયિક માટે ઉપાશ્રય, ધર્મસ્થાનક, અથવા ખાસ તેમાટેનું એકાંત, નિરામય, નિરૂપદ્રવ સ્થાન રાખવું. જે જગ્યા ગલીચી આદિ આશાતનાનાં કારણ રહિત હોય, જે ભૂમિ જીવાકુલ ન હોય, તે શોધવી; તે જગ્યા પુંજી તેપર કટાસણું પાથ-

રવું. અર્થ દીપિકાકાર તો કહે છે, કે જે અનૃણી હોય, અર્થાત્ જેને લેણદારો કનડે નહિ એમ હોય તેણેજ આવા ઉપાશ્રયરૂપ ઘણા જનને સામાયિકના લાભભૂત સાધારણ સ્થાનમાં આવવું, જે કરજદાર–દેણીયાત હોય તેણે ન આવવું. અર્થ દીપિકાકાર નો આ ઇસારો બહુ અર્થસૂચક છે.

(અ) એકતો અર્થદીપિકાકારના સમયમાં કદાચ દેણીયાત લોકો સાધારણ સ્થાનરૂપ ઉપાશ્રયમાં લેણીયાતો કનડે નહિં એમ ધારી સામાયિક કરવા જતા હશે.

(બ) અને એમ સામાયિક કરવા જનારાને કદાચ લેણીયાતોએ કનડેલ હશે અને તેને કનડતાં આસપાસ બીજા સામાયિક કરનારાને અંતરાય પડયો હશે.

(ક) પોતે કરજ કરેલ, તે પોતાનાં પાપને અંગે બીજા જે સામાયિકરૂપ આત્મહિત સાધન કરવા બેઠા હોય તેને આડકતરી રીતે પણ વિઘ્નભૂત થવું, એમાં પોતેજ કારણિક હોતાં વધારે પાપના ભાગી થવાય છે.

(ડ) એમ વધારે પાપના ભાગી થતાં અટકાવવા માટે બોધ કર્યો છે કે કરજદારે સામાયિક પોતાને ઘેર કરવું, ઉપાશ્રયે ન આવવું.

(ફ) આમ કહેવામાં સૂક્ષ્મ હેતુ એ રહેલો લાગે છે, કે કરજદારે પ્રથમ પોતાનું કરજ અદા કરી દેવું. ગમે ત્યારે કરજ દીધા વિના છુટકો નથી; કરજ ભવાંતરે પણ દેવું પડે છે; તો તેનો તરત નિકાલ બનતા પ્રયાસે શુદ્ધ બુદ્ધિથી, શુદ્ધ દાનતથી કરવો. કારણ કે તેમ તરત કરવામાં નથી આવતું અને વિલંબ થાય છે તો,

(૧) કરજ વધતું જાય છે.

(૨) તેથી મુળે વિકલ્પ હોઈ ચિત્ત વિક્ષેપ જે હોય છે, તેમાં વિશેષ ઉમેરો થાય છે.

(૩) ચિત્ત વિક્ષેપ સામાયિકમાં અંતરાયરૂપ થાય છે, અર્થાત્ સામાયિક લઇ બેઠેલ હોય છતાં કરજદારનું ચિત્ત વિક્ષિપ્ત હોવાથી તે આકાશ–પાતાળના ઘાટ ઘડે છે, જે ઉલટું લાભ કરતાં વિશેષ હાનરૂપ છે.

(૪) અને કરજ વધી જતાં તે નહિં દેવારૂપ ખોટી દાનતં-માઠી બુદ્ધિ ઉપજે છે, જે પરિણામે અધોગતિનાં કારણરૂપ છે.

આમ અનુબંધે સૂક્ષ્મ વિચારણા કરી અર્થદીપિકાકાર ઇ-સારો માત્ર કરે છે, કે કરજદારે ઉપાશ્રયમાં સામાયિક ન કરવું, અને એનો અર્થ પરમાર્થરૂપે એમજ સમજવો યોગ્ય છે, કે–**કરજદારે સામાયિક કરવાના ભાવ રાખી પ્રથમ તો કરજ આપી દેવાનોજ પ્રયાસ કરવો. આ વાત દરેક વ્યવહારમાં લાગુ પડશે.** માણસ માત્રે પોતાને અંગે રહેલી ફરજપર, (ધર્મ પ્રતિ ભાવ રાખી, એ ફરજજ પોતાનો ધર્મ છે, એમ સમજી) અચળ લક્ષ રાખવો, કેમકે ફરજ યથાર્થ ન બજાવતાં, અથવા એમાં હાનિ કરતાં કદાચ આર્ત્ત–રૌદ્ર, વિશેષ વિશેષ આર્ત્ત–રૌદ્ર ધ્યાનનું કારણ થાય છે. આ દરેક ભાઇઓ બ્હેનોને સ્વાનુભવની વાત હોવા યોગ્ય છે. માટે ફરજ માત્ર બજાવવી તે ધર્મના લક્ષ સાથે બજાવવી; પણ પ્રથમ તો અણછુટકયાની વાસ્તવીક ફરજ શું છે તે સમજવું અને પછી તે ફરજ બજાવવી. આમજ પ્રથમ સામાયિકના ભાવ સાથે કરજ દઇ દેવાનો પ્રયાસ કરવો; કેમકે તેમ કરવાથી સામાયિકની ભાવનાનું ફળ તો ભાવના હોવાથી મળે છે, અને કદાચ દેહ છોડી જવાય તોપણ કરજ દઇ દીધેલ હોવાથી તે ગમે તે પ્રકારે આવવા રૂપ સારા માઠા ભવ કે આંતરૂભવરૂપ વેષ પહેર-વાની, ભવમાં જુદા જુદા સુખ દુઃખરૂપ વેશ ભજવવાની, શિક્ષા ટળી જાય છે.

વિશેષમાં અર્થદીપિકાકાર તો વળી કહે છે, કે રાજા, અ-માત્ય, શેઠ, શ્રીમંતે તો ઉપાશ્રયાદિ સ્થળે સામાયિક માટે મોટા આડંબરથી જવું; આ પણ સાપેક્ષ લાગે છે,–વાસ્તવિક છે, કે મોટા જનનું અનુકરણ બધા કરે છે, એટલે રાજા આદિ એમ આડંબરથી જાય તો તેની જૈન શિવાયની બીજી પ્રજાને પણ સામાયિક કરવાની ઈચ્છા થાય છે, અને ધર્મનો વિજયધ્વજ ફરકે છે, જે શ્રી વીતરાગની પવિત્ર આજ્ઞાનું આરાધન છે અને જેનું પરંપર પરિણામ કર્મનું વિરાધન છે; જે આપણને ઇષ્ટ છે.

(૫) ઉપધિ, ઉપકરણ વસ્ત્રાદિ સંબંધમાં અગાઉ કહેવાઇ ગયું છે.

(૬) ચરવલો સમીપમાં રાખી, ડાબા હાથમાં મુહપત્તી રાખી, જમણો હાથ સદ્ગુરૂ અથવા સ્થાપનાચાર્ય સન્મુખ ધરી, પવિત્ર મંત્ર નવકારનું શુદ્ધ ભાવે, ઉપયોગ પૂર્વક સ્મરણ કરવું. (૧) જમણો હાથ એમ સદ્ગુરૂ સન્મુખ ધરવો એ વિનયનું કારણ છે. (૨) અથવા એ એમ સૂચવે છે, કે હે! કૃપાળો! હું સામાયિકનો લાભ લેવા ઉત્સુક થઈ આપ સમીપે આવી યાચના કરતો આ દક્ષિણ કર ધરૂંછું, તો હે! સમતા સાગર! જેને સામાયિકનો લાભ થયો છે એવા સદ્ગુરૂ! આપ મને એ પવિત્ર લાભ આપો, અથવા આપની કૃપાએ, આપના આલંબને મને પણ એ પવિત્ર લાભ પ્રાપ્ત થાઓ. (૩) અથવા જમણો હાથ એમ ધરવાથી સદ્ગુરૂની સ્તુતિ પણ થાય છે, અર્થાત્ કર લાંબો કરીને એમ સૂચવાય છે કે અહો! ધન્ય મહાગુરૂ! આપ ધન્ય છો. જ્ઞાનિઓએ જોયેલું એવું યોગના લાભનું પણ એમાં કારણ સંભવે છે. ઇત્યાદિ રહસ્ય એમાં હોવાથી દક્ષિણ કર સુગુરૂ સન્મુખ ધરી નવકાર સ્મરવો.

(૭) પછી સાક્ષાત્ સજીવનમૂર્ત્તિ સદ્ગુરૂનો અભાવ હોય, તો સદ્ગુરૂ કેવા હોય? મારા સદ્ગુરૂ કેવા છે? મારા ગુરૂ આવા આવા અનુપમ ગુણવાળા છે, એમ ચિંતવન કરવા તે ગુણોનું જેમાં વર્ણન છે તે "પંચિંદિય" સૂત્ર ચિત્તની એકાગ્રતા પૂર્વક કહેવું; અને એવા ગુણવાળા સાક્ષાત્ મારા સદ્ગુરૂ બિરાજમાન છે, અને હું એઓની સમક્ષજ સામાયિક કરૂંછું, એવો ભાવ રાખવો. આમ કરવાથી સામાયિક બહુ શુદ્ધ થાય છે.

(૮) પછી ઉઠી ઉભા થઇ (જયણા પૂર્વક, પુંજી-પ્રમાર્જી, પ્રત્યેક વખતે નમસ્કારાદિ માટે પણ ઉઠતાં બેસતાં ચરવલાથી ભૂમિ, હસ્તપાદાદિ પ્રમાર્જવાનો લક્ષ રાખવો. આત્માપર આવતા મેલ-આવરણને પુંજી-પ્રમાર્જી કાઢવાનો લક્ષ રાખવો.) ગુરૂને વંદન અર્થે "ઇચ્છામિ ખમાસમણ" ના પાઠ સાથે વંદન કરી ઉભા થઇ માર્ગને વિષે જવા આવવાથી થયેલ જીવવિરાધના આદિ દોષ માટે ગુરૂની આજ્ઞા પૂર્વક "ઇરિયાવહિય" "તસ્સઉત્તરી" અને "અનથ્થ ઉસસિએણ" ના પાઠ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો

કાઉસગ્ગ કરવો. કાઉસગ્ગ પારી, "નમો અરિહંતાણં" નો પ્રકાશ કરી, લોગસ્સ પ્રકાશવો. (ઇરિયાવહિય, તસ્સુત્તરી, અન્નથ્થ ઉસસિએણં, લોગસ્સ, આદિના હેતુ, વિધિ, વિસ્તારાર્થ અન્ય પ્રસંગે આપવા ઠીક પડશે.)

(૯) પછી અગાઉ મુજબ ખમાસમણ પૂર્વક "સદ્ગુરૂનો મુહપત્તી પડિલેહવા આદેશ માગી બેસી (ગોદોહાસને) મુહપત્તી પડિલેહવી. મુહપત્તી પડિલેહવા માટે આજ્ઞામાગતાં, "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ મુહપત્તી પડિલેહું?" ગુરૂ આજ્ઞા આપે, "પડિલેહ" ત્યારે સામાયિક કરનારે "ઇચ્છં" એમ કહી મુહપત્તી તથા અંગની પડિલેહણા કરવી. ગુરૂ સાક્ષાત્ ન હોય છતાં ગુરૂ સમીપેજ બેઠો છું, એવી ભાવના રાખીને ગુરૂની આજ્ઞા માગવાનો વિધિ યથાવિધિ આચરવો; અર્થાત્ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્" ઇત્યાદિ પૂર્વક જાણે સાક્ષાત્ સદ્ગુરૂ પાસે આજ્ઞા માગતા હોઇએ, એમ વર્ત્તવું; અને ગુરૂની સ્થાપના કાંઈ વાણીનો ઉચ્ચાર તો કરે નહિં, છતાં માગેલ આજ્ઞાનો સદ્ગુરૂ તરફથી ઉત્તર મળ્યો છે, એમ ધારી તત્તત્કાર્યમાં પ્રવર્ત્તવું. આવી પ્રવૃત્તિ એ વિનયનું પરમ કારણ છે; અને પ્રમાદ ટાળવાનું, અને ઉપયોગ જાગૃત રાખવાનું ઉત્તમ સાધન છે. મુહપત્તી પડિલેહતાં તેના તથા અંગપડિલેહણના દરેકના પચીશ પચીશ એમ મળી પચાસ બોલો મનમાં બોલી જવા. અર્થાત્ તેના સ્મરણ-ચિંતવન પૂર્વક મુહપત્તી અને અંગ પડિલેહવા.

**મુહપત્તીના બોલ.** મુહપત્તી તથા અંગ પડિલેહણાની પચાશ બોલરૂપ પાંચ ગાથાઓ પૂર્વે એવી પ્રવૃત્તિ ચાલતી હોવાનું સૂચવન કરે છે; પણ હાલ જે પ્રવૃત્તિ ચાલે છે, તે જોતાં તો એ પ્રવૃત્તિ આકરી લાગશે; છતાં સામાયિકના સૂત્રપાઠો, તથા તેનો વિધિ જોતાં-વિચારતાં આમ પ્રવર્ત્તવું વિશેષ કલ્યાણના હેતુરૂપ છે. આવી રીતે પ્રવર્ત્તવાનો અભ્યાસ પાડવામાં આવે, તો વિનય સચવાય છે, પ્રમાદ ટળે છે, જાગૃતિ-ઉપયોગ રહે છે, નિર્જરા થાય છે, આદિ અનેક રીતે સામાયિક વિશેષ વિશેષ શુદ્ધ થાય છે.

**સામાયિક કેમ લેવું-પારવું? બેસીને કે ઉભા રહીને.**

આવુ પરંપરાપર દ્રષ્ટિ કરિયે તો સામાયિક બેસીને લેવાનો પ્રચાર દેખાય છે, પણ એનો વિધિ તપાસીએ તો ઉપર જણાવ્યા મુજબ "ખમાસમણ" ઉભા થઇ દઇ, ઉભા રહીને, વચ્ચમાં વચ્ચમાં રહીને જરૂરવેળે બેસીને, સામાયિક લેવું ઘટે છે. "કરેમિભંતે" ના પાઠના પ્રકાશ થયા પછીનો "બેસણે સંદિસાહુ?" ની આજ્ઞા માગવાનો પાઠ એમ સૂચવે છે, કે હજી સામાયિક લેનાર ઉભો છે.

જો એ વિધિ મુજબ સામાયિક લેવામાં આવે તો મુહપત્તી પડીલેહતી વખતે ગોદોહાસને, (એટલે જેમ કોઇ ગાય દોહતું હોય અને બે પગ ઉભા રાખી અધર બેસે અને બે હાથ બે જાંગની વચ્ચે ગાયના આંચળ ઉપર હોય તેમ) બે પગ વચ્ચે અધર બેસી વચમાં બે હાથ રાખી મુહપત્તીવડે અંગાદિનું પ્રતિલેખન કરવું જોઇએ. અપ્રમત્ત યોગ, આત્મજાગૃતિ,શુદ્ધોપયોગનું આ સૂચવનરૂપ, કારણરૂપ છે. શ્રમણભગવાન શ્રી મહાવીર પરમાત્માએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પહેલાં સાડાબાર વર્ષ અનેક પરીષહ વેઠયા, તેમાં તેઓશ્રી અખંડ ઉપયોગે આત્મજાગૃતિએ રહ્યા, પ્રાયઃનિદ્રા પણ ન લીધી, અરધો કલાક માત્ર સહજ નિદ્રા આવી ગઇ; પલાંઠી વાળી સુખાસને બિરાજ્યા નહિં, પણ જ્યારે કદાચ દેહ સ્વસ્થના અર્થે બેઠા ત્યારે ઉભેજ પગે, ગોદોહાસનેજ બિરાજ્યા. તે એમ સૂચવવા કે, અહો! હજી અમારે ઘણું કરવાનું છે; કર્મ શત્રુઓ, અને કાળ શિકારી આ પાસે ભમે છે; તેઓને દૂર ખસેડવા માટે સદૈવ જાગૃત રહેવાનું છે;—મારાથી નિરાંતે પગ ઠેરવી બેસાયજ કેમ? આમ ભગવાન્ ગોદોહાસને બિરાજી ચિંતવતા હતા. તેવીજ જાગૃતિની સૂચનારૂપે આ આસનની પરંપરા પડી લાગે છે. હજી પણ પડિક્કમણુ, પૌષધ તથા સાધુઓની પ્રવૃત્તિમાં આ ઓઘે ચાલે છે, તો તેમજ સમજીને, સમજવાનો ખપ કરીને ચાલવું ઉચિત છે, જરૂરનું છે.

(૧૦) મુહપત્તી પડિલેહી, ઉભા થઇ "ઇચ્છામિ ખમાસમણ" પૂર્વક વંદન કરી, "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સામાયિક સંદિસાહુ?" કહી વળી "ઇચ્છં" કહી પાછા "ખમાસમણ" પૂર્વક વંદન કરી ઉભા થઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્ સામાયિક ઠાઉં?" કહી વળી "ઇચ્છં" કહી પ્રાંજલિબદ્ધ થઇ બે હાથ જોડી પવિત્ર નવકાર મંત્રનું સ્મરણ કરી "ઇચ્છકારિ ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી!" એમ ગુરૂને વિનવી અથવા એના અભાવે કોઈ વૃદ્ધ શિષ્ટ જન પાસે સામાયિક કરતા હોય તેને વિનવી, તેઓ સમીપે સામાયિક દંડક કહેવરાવી, અથવા એ બધાના અભાવે પોતે "કરેમિભંતે" નો પાઠ ઉચ્ચારી સામાયિક દંડક, પચ્ચખાણ કરવું. ગુરૂના અભાવે વૃદ્ધ-શિષ્ટ સ્વધર્મ બંધુ, જેણે સામાયિક લીધું હોય, તેને સામાયિક દંડક માટે વિનતિ કરવી; એ એક વિનયનો આચાર છે; તેમજ વળી એ માટેના એ સાક્ષીભૂત થાય છે. આ સામાયિકનો પાઠ ભણ્યા પછી સામાયિકી કાળ શરૂ થાય છે. તે કાળથી માંડી સામાયિક પુરૂં થાય ત્યાં સુધીમાં સમતાભાવે રહેવાથી સામાયિક શુદ્ધ થાય છે, તેનો હેતુ પાર પડે છે. તો હવે એ સામાયિકી કાળમાં શું કરવું, તે અર્થે સામાયિક લેનાર પોતેજ સદ્ગુરૂ આગળ સઝાય-સ્વાધ્યાયનો આદેશ-આજ્ઞા માગે છે.

(૧૧) સામાયિક દંડકનો ઉચ્ચાર થયો; અર્થાત્ "કરેમિભંતે"નો પાઠ પ્રકાશાયો,-એટલે સામાયિક લેનાર જે અત્યાર સુધી ઉભા ઉભા વિધિ આચરતો હતો, તે હવે સદ્ગુરૂને ઇચ્છામિ ખમાસમણ" પૂર્વક વંદન કરી "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બેસણે સંદિસાહુ?" એમ કહે; વળી ગુરૂ એ આજ્ઞા આપે અથવા મળી છે એમ ગણી ફરી પ્રણિપાત સૂત્રપાઠ પૂર્વક "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! બેસણે ઠાઉં?" એમ કહી પુનઃ બેઠા પછી, હવે સામાયિકમાં સાવદ્ય યોગનાં તો પચ્ચખાણ કર્યાં છે, ત્યારે હવે જીવે કરવું શું? જીવ જીવન્મુક્ત દશા તો પામ્યો નથી, અને તે પ્રાપ્ત કરવા દ્રવ્ય સામાયિકથી તો આરંભ

કરે છે,-તો ચિત્ત, એકદમતો સમતાભાવ ન ભજે, તો જે નિરવદ્યયોગે એ સમતા પ્રાપ્ત થાય,-એવાં સત્શાસ્ત્રનું વાંચન, મનન, નિદિધ્યાસન, અથવા પઠન-પાઠન, અથવા વાંચના, પૃચ્છના, પરાવર્ત્તના, ધર્મ કથા, અનુપ્રેક્ષારૂપ પાંચ પ્રકારનાં સ્વાધ્યાય (સજ્ઝાય) સાધનરૂપ છે. તો તેવાં સાધનોનું આલંબન લેવા માટે સુવિનીતપણે બેસી સામાયિક લેનાર ફરી પ્રણિપાતસૂત્રના ઉચ્ચાર પૂર્વક **"ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સઝાય સંદિસાહુ"** એમ કહી જાણે ગુરૂની આજ્ઞા મળી છે, એમ ગણી પુનઃ ખમાસણા પૂર્વક **"ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્! સઝાય કરૂં."**- અર્થાત્ હે! ભગવાન્! હે પવિત્ર સદ્ગુરૂ! હવે હું આપશ્રીની આજ્ઞાનુસાર સ્વાધ્યાયમાં સ્થિત થઉં છું, મારો સામાયિકી કાળ સત્શાસ્ત્ર વાંચવામાં, એ સંબંધમાં ઉદ્ભવતા પ્રશ્નો આપશ્રીને ખુલાસા-સમજુતી માટે પૂછવામાં, વાંચેલું વિચારવામાં, અથવા ફરી ફરી સંભારી જવામાં, ધર્મનો લાભ થાય એવી કથાઓમાં, સંસારની પુદ્ગળની અનિત્યતા વિચારવા રૂપ, અથવા આત્માની ઋદ્ધિ વિચારવારૂપ, અથવા નવ તત્વ, છ દ્રવ્યનો વિચાર કરવા રૂપ અનુપ્રેક્ષા, ભાવના, ચિંતવનમાં ગાળીશ. આમ સામાયિકમાં સ્થિત થયા પછી તરત પ્રાંજલિબદ્ધ થઈ પરમ પવિત્ર કલ્યાણકારી નવકાર મંત્રનું ત્રણવાર સ્મરણ કરવું. સામાયિક લીધા પછી તે પારવાનું થાય ત્યાં સુધીમાં ઉપર મુજબ સ્વાધ્યાયમાં સ્થિત થવું પરમ કલ્યાણકારી છે. અજ્ઞાન અવસ્થામાં જીવનો સ્વભાવ મનના સંયોગે ઘણો ચળ-વિચળ પરિણામવાળો હોય છે. સાવદ્ય યોગના પચ્ચખાણ કર્યા છતાં તેની ચળવિચળતા એકદમ બંધ થતી નથી; તો તે ચળ-વિચળતા એકદમ કે રફતે રફતે દૂર થાય તેમ કરવા નિરવદ્ય યોગરૂપ સ્વાધ્યાયનાં, ધર્મ ધ્યાનનાં ભેદ જ્ઞાનિઓએ બોધ્યા છે, જે આત્માનું હિત ઇચ્છનાર દરેક જીવે અવશ્ય આચરણીય છે. એથી પરિણામે સર્વથા સર્વ સાવદ્ય યોગથી વિરમી જીવ કેવળદશારૂપે થશે. સ્વાધ્યાય તથા ધ્યાનના ભેદ આદિ પ્રસંગવશાત્ વિસ્તાર પૂર્વક અન્ય સ્થાને સમજાવવા યોગ્ય છે. અપૂર્ણ.

# जीर्ण पुस्तकोद्धार.

## ( પન્યાસજી શ્રી આનંદસાગર મહારાજના સદુપદેશ અને પ્રયાસથી. )

જૈન કોન્ફરન્સમાં દર વર્ષ પસાર થતા **જીર્ણ પુસ્તકોદ્ધારની આવશ્યકતા** સંબંધી ઠરાવને અંગે કોન્ફરન્સ ઓફીસ તરફથી મોટા મોટા ભંડારોની ટીપ તૈયાર કરવા વિગેરેનો પ્રયાસ ચાલુ છે, તે સાથે બીજાં મંડળો પણ પોતપોતાની ફરજ યથાશક્તિ બજાવે છે. અમારી સભા તરફથી હાલમાં ખાસ કરીને **શ્રી ત્રિ-ષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર** મૂળ અને ભાષાંતર તથા **ઉપદેશ** પ્રાસાદના ભાષાંતરનું કાર્ય ચાલે છે તે ઉપરાંત નીચે જણાવેલા કાર્યો કરવાનું મુનિવર્ય પન્યાસજી શ્રીઆનંદસાગર મહારાજના સપદુ-દેશ અને પ્રયાસથી મુકરર કરી તે સંબંધી કામ શરૂ કરવામાં આવેલ છે.

**શ્રી કર્મગ્રંથ ટીકા તથા તેનું ભાષાંતર.**
**શ્રી ઉપદેશમાળા ટીકા તથા તેનું ભાષાંતર.**
**શ્રી ઉપદેશમાળા મૂળ તથા તેનું ભાષાંતર.**
**શ્રી લલિત વિસ્તરા (ચૈત્યવંદન સૂત્ર વૃત્તિ) મૂળ.**

### શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત.

| | | |
|---|---|---|
| શ્રી અધ્યાત્મ સાર | મૂળ | |
| શ્રી અધ્યાત્મ મતદલન | મૂળ | (ટીકા નથી) |
| શ્રી અધ્યાત્મોપનિષદ | મૂળ | (ટીકા નથી) |
| શ્રી જ્ઞાનસાર (અષ્ટક) | મૂળ | |
| શ્રી નય રહસ્ય | મૂળ | (ટીકા નથી) |
| શ્રી દેવ ધર્મ પરીક્ષા | મૂળ | (ટીકા નથી) |
| શ્રી જ્ઞાનબિંદુ | મૂળ | (ટીકા નથી) |
| શ્રી પ્રતિમા શતક | મૂળ | |
| શ્રી જૈન તર્ક પરિભાષા | મૂળ | (ટીકા નથી) |
| બત્રીશ બત્રીશી | મૂળ | |

### શ્રી સિદ્ધસેન સૂરિકૃત.

| | | |
|---|---|---|
| વીશ બત્રીશી | મૂળ | (ટીકા નથી) |

| | |
|---|---|
| સમ્મતિ તર્ક | મૂળ |
| ન્યાયાવતાર | મૂળ |

### શ્રી હરિભદ્ર સૂરિકૃત.

| | |
|---|---|
| શાસ્ત્ર વાર્તા સમુચ્ચય | મૂળ |
| ષડ્દર્શન સમુચ્ચય | મૂળ |
| અષ્ટક | મૂળ |

બીજા કેટલાક ગ્રંથો સંબંધી નિર્ણય થવો બાકીમાં છે તે થયેથી તેનાં નામો પ્રગટ કરશું.

ઉપર જણાવેલા ગ્રંથો પૈકી મૂળ ગ્રંથો કેટલાએક ઉદાર ગૃહસ્થોની સહાયથી તેમજ સભા તરફથી દરેક પુસ્તકભંડારોમાં તેમજ સુજ્ઞ મુનિમહારાજને એકેક પ્રત આપી શકાય તેવી ગોઠવણથી છપાવવાના છે. કયા કયા ગ્રંથો કયા ગૃહસ્થની મદદથી છપાવવામાં આવનાર છે તે દરેક ગ્રંથના ટાઇટલપરથી માલમ પડી શકશે.

ઉપર જણાવેલા ગ્રંથોની શુદ્ધ પ્રતો મેળવી છે અને મેળવવાની તજવીજ ચાલે છે, પ્રેસકોપી તૈયાર થાય છે, દરમ્યાન સુજ્ઞ મુનિમહારાજાઓને તેમજ દરેક પુસ્તકભંડારના સંરક્ષણ કર્તાઓને અમારી વિનંતી છે કે ઉપર જણાવેલા ગ્રંથો પૈકી જે જે ગ્રંથની શુદ્ધ પ્રત પોતા પાસે હોય તેના અમને ખબર આપવા અને અમારે ખર્ચે અમારી તરફ મોકલવા કૃપા કરવી.

આજ સુધીમાં આ સભા તરફથી ઘણા ગ્રંથોના મૂળ અને ભાષાંતર પ્રગટ કરીને પુનરૂદ્ધાર કરવામાં આવેલ છે તે તેના રીપોર્ટ વિગેરે ઉપરથી માલમ પડી શકે તેમ છે. આ કાર્ય પણ ખાસ તે તે ગ્રંથોની શુદ્ધતા અને સ્થિતિ જળવાઇ રહેવા માટેજ કરવાનું છે તેથી તેમાંના કોઈપણ ગ્રંથ સંબંધી કામ કોઈ સંસ્થાએ અથવા કોઈ ગૃહસ્થે શરૂ કરેલ હોય તો તેમણે અમને તરતમાં ખબર આપવા, જેથી જેની એવડી પ્રસિદ્ધિ આવશ્યકતા વાળી ન હોય તે કાર્ય બંધ કરી તેના બદલામાં બીજું કાર્ય શરૂ કરવામાં આવે.

આપણા વર્ગમાં વાંચન વિગેરેનો શોખ એવો ફેલાયેલો નથી કે જેથી બે બાજુથી પ્રગટ થયા છતાં પણ તેને ઉત્તેજન મળી શકે. માટે જે સાધ્ય છે તે જળવાતું હોય તો પછી ગમે તે સંસ્થા પ્રગટ કરે તેમાં કાંઇ વિશેષ નથી. સબબ અમારી ઉપર જણાવ્યા પ્રમાણેની સૂચના છે.

# હાલમાં ચાલતી ચર્ચાઓ.

## તત્સંબંધે.

## અધિપતિના અભિપ્રાય.

**પરદેશી ખાંડ અને કેશર વિગેરે ન વાપરવા બાબત—** આ બાબત હાલમાં બહુ ચર્ચાવા લાગી છે અને ઘણાં ગામો અને શેહેરોમાં તે વસ્તુઓનો પ્રતિબંધ થવા લાગ્યો છે. આ બે વસ્તુઓ ઉપરાંત બીજી ચીજોના સંબંધમાં પણ તેનું દુષિતપણું પ્રગટ થવા લાગ્યું છે. આ બધી હકીકત ઉપરથી એટલું તો સ્પષ્ટ થઈ શકે છે કે જે વસ્તુ આપણા દેશમાં બની શકતી હોય, દેશી મળી શકતી હોય, દેશીઓ બનાવી શકે તેમ હોય તેવી કોઇ પણ વસ્તુ કેટલાએક દ્રવ્ય વિગેરેનો ભોગ આપીને પણ ઉપયોગમાં લેવી-વાપરવી ઘટિત છે. કેશર તો ઉલટું પંજાબમાંથી આવે છે તે સસ્તું પડે છે માત્ર તેમાં રક્તતા કાંઇક કમી દેખાય છે, પરંતુ પરદેશી કેશરમાં કદિ રક્તતા વધારે દેખાતી હોય તો પણ વર્જ્ય વસ્તુથી ઉત્પન્ન થયેલી રક્તતા શા કામની છે? ખાંડ દેશી મળી શકે છે પણ મોંઘી મળે છે. દેશીઓ તેને વાપરનારા થશે તો મોટા જથ્થામાં તૈયાર થશે અને સસ્તી મળશે, કારણ કે તેના ઉત્પાદક કાચા પદાર્થની આપણા દેશમાં તંગી નથી, તે કાંઇ આપણે પરદેશથી લાવવા પડે તેમ નથી; તેથી હાલ કેટલાક વધારે ખર્ચના ભોગે પણ આપણે વિશ્વાસપાત્ર ખાંડ વાપરનારા થવું જોઇએ. માત્ર દેશીના નામથી બીજા સ્વરૂપમાં પરદેશી ખાંડજ વેચવામાં આવે તેવા પ્રપંચને ઉત્તેજન ન મળે એટલું ધ્યાનમાં રાખવું જોઇએ.

આ સંબંધમાં વધારે વિચાર કરતાં એમ સમજી શકાય છે કે કોઇ પણ જીવની (માત્ર મનુષ્ય શિવાય) ગમે તેટલા પ્રમાણમાં હિંસા કરવાથી તેના અંગોપાંગાદિવડે કોઇ પણ પદાર્થ દેખાવડો થતો હોય, સુગંધી થતો હોય, સુંવાળો થતો હોય કે સ્વાદિષ્ટ થતો હોય તો તેમ કરવામાં લેશ માત્ર પણ

જેઓને અચકામણ નથી તેઓ તેવા વિચારનો ઉપયોગ કોઇ પણ પદાર્થ બનાવવામાં કરે તેમાં આશ્ચર્ય શું છે! માટે એવા દેશોથી આવેલ કોઈ પણ પદાર્થ ખરીદતાં, વાપરતાં, આસ્વાદન કરતાં કે બીજા કોઇ પણ ઉપયોગમાં લેતાં પુરેપુરી શંકાની નજરે જોઇ બની શકે તો તેની તજવીજ કરવી અને બની ન શકે તો જેટલે અંશે રહી શકાય તેટલે અંશે તેનો ઉપયોગ કરવાથી અલગ રહેવું.

આ સંબંધમાં ઘણી ચીજોને અંગે તે ચીજ કેમ બનાવવામાં આવે છે ઇત્યાદિ બતાવનારાં ઇંગ્રેજી પુસ્તકો વાંચવાની તેમજ તેમાંથી અમુક અમુક વિભાગ લઇને પ્રગટ થતી હકીકતો વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

આમાં બહુ પ્રકારના લાભ સમાયેલા છે. આપણે સ્વદેશી ચીજો વાપરતાં થઇશું તો પૈસાનો બચાવ થશે, પરદેશ જતો પૈસો અટકશે, સ્વદેશીઓને ઉત્તેજન મળશે અને ખાસ તો ભ્રષ્ટ થતાં બચી શકાશે, માટે આ વિષય ઉપર પુરતું ધ્યાન આપવાની જરૂર છે.

**કાર્ડ ઉપર છબીઓ**—હાલમાં કેટલાએક કાર્ડ ઉપર આપણા પરમાત્માની છબીઓ છપાયેલી દૃષ્ટિગોચર થાય છે. આ મોટી આશાતનાનું કારણ છે. એવા કાર્ડોજ નહીં પરંતુ જિનેશ્વરની મૂર્ત્તિના ફોટોગ્રાફો પણ વેચાતા બંધ થવાની આવશ્યકતા છે. આ બાબત જ્યાં જ્યાં પ્રચાર હોય ત્યાં ત્યાંના શ્રી સંઘે એ સંબંધમાં બનતો પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. પ્રભુની મૂર્ત્તિના કે ગુરૂમહારાજના ફોટોગ્રાફ ભક્તિએ પડાવવામાં આવે છે પરંતુ તે ગુજરાનનું સાધન થઇ પડતાં તેની ભક્તિ કરતાં આશાતના વધી પડે છે, આ હકીકત ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે. આ બાબત પુષ્કળ ચર્ચા ચલાવીને કોઇ પણ રીતે થતી આશાતના બંધ થાય તેવા ઉપાયો થવાની જરૂર છે.

**પાંચમી જૈન કોન્ફરન્સ**—અમદાવાદ ખાતે મળનારી આ કોન્ફરન્સની પાંચમી બેઠક સંબંધી તૈયારીઓ ચાલી રહી છે, કમીટીઓ નીમાઇ છે અને તેઓ પોતપોતાના કાર્યમાં લાગી ગયેલ

છે. આવાં કાર્ય એક હાથે બની શકતાં નથી તેથી તેને શ્રી સંઘના પરમ હિતનું કાર્ય સમજી કોઇ પણ પ્રકારની શક્તિનો તેમાં ઉપયોગ કરવો એ દરેક જૈનબંધુની ફરજ છે. આ કાર્યની શરૂઆત થવાથી આપણી કોમમાં જાગૃતિ ફેલાણી છે, કેલવણી તરફ લોકોનું વલણ થયું છે, આપણી ખામી આપણે સમજવા લાગ્યા છીએ, દુષ્ટ રીવાજો દૂર કરવાની જરૂરીઆત સમજાણી છે, કેટલાક ખરાબ રીવાજો નષ્ટ થવા લાગ્યા છે, રહેલી સંપત્તિ જાળવી રાખવાની ચીવટ થઇ છે, એક બીજાને ઓળખતા થયા છીએ, સારગ્રાહી બુદ્ધિવાળાને ઘણો સાર મળી શકે તેવું થયું છે. ઇત્યાદિ અનેક લાભોનું સંભવિતપણું દૃષ્ટિગોચર થાય છે. પૂરતા સંપ ને ઉત્સાહથી એમાં મચ્યા રહેવાશે તો આગળ ઉપર ઘણા લાભ મેળવી શકશું એ નિઃસંદેહ વાત છે.

# अल्पज्ञ लेखको शुं करे छे?

અલ્પજ્ઞ લેખકો સામાન્ય હિતશિક્ષાના વિષયો પોતાની બુદ્ધિના પ્રમાણમાં લખે તો તેથી કાંઇ નુકશાન થતું નથી, પરંતુ શાસ્ત્રીય લેખો લખે છે ત્યારે તેઓ ઉત્સૂત્ર ભાષણના ભયથી ડરતા હોય તેમ લાગતું નથી. સારી રીતે નવતત્વાદિકનું જ્ઞાન મેળવ્યા શિવાય જીવ, અજીવ, કર્મ કે સમ્યક્ત્વાદિનું સ્વરૂપ લખતાં તેઓ બહુધા શાસ્ત્ર વિરૂદ્ધ લખી જાય છે અને તેથી ઘણી વખત વિદ્વાનોના મંડળમાં તેવા લેખકોના લેખ ચર્ચાય છે એટલુંજ નહીં પણ તેના લેખપર વિશ્વાસ ન મુકી શકાય એવો નિર્ણય કરવો પડે છે. કેટલાએક લેખકો એમ સમજી લખવા મંડી પડે છે કે આપણી સમજમાં આવ્યું છે તેટલું લખીએ છીએ તેમાં ખોટું શું છે? પરંતુ સમજવું તે જુદી વાત છે ને લખવું તે જુદી વાત છે. સમજવાનું દિવસે દિવસે વધી શકે છે, સુધરી શકે છે ફરી શકે છે, પણ લખેલું ફરી શકતું નથી. ખાસ કરીને કોઇ પણ લેખ કે લેખકને અંગે અમે લખતા નથી પરંતુ હાલમાં

બહાર પડતા ઘણા લેખો તરફ દૃષ્ટિ કરતાં 'અલ્પ જ્ઞાન તે અતિ હાણુ' એ કહેવત મુજબ શાસ્ત્રીય લેખોમાં કેટલીક વિરૂદ્ધતા દૃષ્ટિગોચર થાય છે.

આપણા જૈનવર્ગમાં લેખક થવાની હોંશ દિનપરદિન વૃદ્ધિ પામતી જાય છે તે ખુશી થવા જેવું છે, પરંતુ જ્ઞાન વધારવાની તેટલી હોંશ દેખાતી નથી એ ખેદ થવા જેવું છે. પ્રકરણાદિનું જ્ઞાન મેળવીને તાત્વિક લેખો લખવા એ ઉત્તમ છે પણ તેવા જ્ઞાનનો બહુધા અભાવ છે છતાં તેવા વિષયો લખવા તરફ અભાવ દેખાતો નથી.

ક્રોધ કરવો એ હાનિકારક છે એમ લખવું મુશ્કેલ કે અયોગ્ય નથી પરંતુ ક્રોધની ઉત્પત્તિ, સ્થિતિ, પરિણામ ઇત્યાદિ શાસ્ત્રોક્ત રીતે લખતાં પ્રથમ તે સંબંધી જ્ઞાન મેળવવાની જરૂર છે, તેવીજ રીતે સમકિત પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે એમ લખવામાં કાંઇ પણ અયોગ્ય નથી, પરંતુ આ જીવ સમ્યક્ત કેવી રીતે પ્રાપ્ત કરે છે તેની હકીકત લખ્યા અગાઉ મોહની કર્મ સંબંધી તેમજ ત્રણ કરણ વિગરે સંબંધી અને પાંચ પ્રકારના સમ્યકૂત્વ સંબંધી સમજણ મેળવવાની જરૂર છે.

આતો તત્વજ્ઞાનના અને તેને લગતા વિષયો લખવા સંબંધી સૂચના થઇ, પરંતુ તે શિવાય વ્યવહારિક લેખોમાં પણ લખનાર ઠરેલ બુદ્ધિના, પકવવિચારના કે દીર્ઘ દૃષ્ટિવાળા હોતા નથી તો તેઓ લેખ લખીને અનેક પ્રકારનાં નુકશાન કરે છે. ઘણાઓના દિલ ઉશ્કેરે છે, સંપમાં ભંગ પાડે છે, પારકાં છિદ્ર ખુલ્લાં કરે છે, કદાગ્રહ વધારે છે, સુધરવાના દ્વાર રોકી નાંખે છે, કલેશનાં બીજ રોપે છે, તેને વધારે છે, તેને ઉછેરે છે, તેના કડવાં ફળ ચાખે છે ને ચખાડે છે; આ બધું અલ્પજ્ઞપણાનું અથવા અપકવ વિચારનું ફળ છે. આવા લેખકો પોતે આત્મહિત કરી શકતા નથી અને પરને આત્મહિતના વિઘાતમાં કારણિક થાય છે. સુજ્ઞ લેખકોએ તો ખાસ સ્મરણમાં રાખવાની આવશ્યકતા છે કે પોતાના લેખથી દરેક જગ્યાએ સંપ વધે,

ક્લેશ નાશ પામે, સુધારા થાય, કુધારા નાશ પામે, કોઇને ખેદ ન થાય, સર્વ સંતોષ પામે, સુધરવાના રસ્તા ખુલ્લા થાય અને ક્લેશનાં બીજ બળી જાય તેવા લેખો લખવા. જો કે સૌને રાજી રાખવા એ બહુ મુશ્કેલ તેમજ અશક્ય વાત છે પરંતુ કોઇપણ વિષય લખતાં અંતઃકરણમાં હેતુ તો એવો રાખવો જોઇએ. પછી સજ્જનની પ્રશંસા કરતાં દુર્જનનું દિલ ભલે દુખાય તેની દરકાર કરવાની જરૂર નથી.

વળી લેખકોએ ખાસ કરીને કોઇ પણ વ્યક્તિ પરત્વે કે કોઇ સમુદાય પરત્વે અથવા મંડળ પરત્વે ન લખતાં દરેક પ્રકારના દુર્ગુણો અથવા હાનિકારક પ્રચાર પરત્વેજ લખવું કે જેથી તેવા દુર્ગુણો અથવા હાનિકારક પ્રચારનું સ્વામિત્વ ધરાવનારા સ્વયમેવ સમજી જશે. વળી એવા લેખ લખતાં કોઇના મર્મને સ્મરણમાં રાખીને તેના મર્મસ્થળ ઉપર પ્રહાર થાય એવું પણ લખવું ન જોઇએ. આ સંબંધમાં ઘણું લખવા જેવું છે પરંતુ વધારે સ્પષ્ટીકરણ કરવા જતાં આ લેખજ લાભને બદલે હાનિ કરનાર અથવા કોઇના દિલને ખેદ કરનાર થઇ પડવાનો ભય રહે છે તેથી આટલું લખીનેજ આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

આશા છે કે મારા લેખકબંધુઓ ગુણગ્રહણદૃષ્ટિએ આ લેખ વાંચી જઇ તેમાંથી સાર ગ્રહણ કરશે. જેથી ઉત્સૂત્રતાના દોષથી તેમજ બીજી કોઇ પણ પ્રકારની હાનિના કારણિક થવાથી દૂર રહી શકશે.

ઇત્યલમ્.

# વર્તમાન સમાચાર.

## "ઇનામના મેળાવડા."

ભાવનગર જૈન કન્યાશાળા ને જૈન વિદ્યાશાળામાં નિયમિત ત્રણ ચાર મહિને કન્યાઓ તથા બાળકોની પરીક્ષા લઇને ઇનામ આપવાનું ધોરણ ચાલે છે. કન્યાશાળાનું તો જ્યારથી સ્થાપન થયું છે ત્યારથીજ એવું સ્થાપત ધોરણ ચાલે છે. વિદ્યાશાળામાં છેલ્લા બે વર્ષથી એ ધોરણ ચાલે છે. એ પ્રમાણે થવાથી અભ્યાસીઓને સારૂં ઉત્તેજન મળે છે.

ગયા જેઠ શુદ ૭ મે કન્યાશાળાનો ઇનામનો મેળાવડો અત્રેના વસુલાતી અધિકારી **રા. રા. મુળચંદભાઇ જાદવજીના** પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો; અને વિદ્યાશાળાનો અશાડ શુદ ૨ જે કરવામાં આવ્યો હતો. એ બંને ઇનામનો ખર્ચ સુમારે રૂ. ૧૦૦) લગભગનો **શા. આણંદજી પરશોતમ** તરફથી પોતાના પૌત્ર **ઉત્તમચંદ ગીરધરની** યાદગિરિને અંગે કરવામાં આવ્યો હતો.

હાલમાં આસો વદ ૧૩ શે કન્યાશાળાના ઇનામનો મેળાવડો અહીંના નાયબ દિવાન **રા. રા. ત્રિભુવનદાસ કાળીદાસના** પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો અને આસો વદ ૧૪ શે વિદ્યાશાળાના ઇનામનો મેળાવડો કરવામાં આવ્યો હતો. કન્યાશાળાના ઇનામમાં રૂ. ૩૫) ની મદદ **દોશી કરશન દામજીના પુત્રો** તરફથી કરવામાં આવી હતી. કન્યાશાળામાં સ્કોલરશીપ તરીકે રૂ. ૫૩-૧૨-૦ **શા. ત્રિભુવનદાસ ભાણજી** તરફથી મુકરર કરેલા ધોરણ અનુસાર વહેંચવામાં આવ્યા હતા.

આવા મેળાવડાઓથી બહુ પ્રકારના ફાયદા થાય છે.

## જ્ઞાનપંચમીનો મહોત્સવ.

### ( એક નવીનતા. )

જ્ઞાનપંચમીના દિવસે જુદી જુદી જગ્યાએ જ્ઞાન પધરાવીને મહોત્સવ કરવાનું અહીં સારૂં પ્રવર્તન છે. પ્રથમ કરતાં તો કાંઇક મંદતા દેખાય છે પણ હજુ જ્ઞાનની ભક્તિ સારી થાય છે. ઓણના વર્ષમાં ૫ જગ્યાએ જ્ઞાન પધરાવવામાં આવ્યું હતું. ઉપરાંત આપણું અનુકરણ કરીને આપણા ઢુંઢક ભાઇઓએ પણ પોતાના ઉપાશ્રયમાં એ પ્રમાણે જ્ઞાનની સ્થાપના કરી કેટલીક શોભા કરી હતી અને રાત્રિએ રોશની પણ કરી હતી. માત્ર ખેદ જેવું એ હતું કે દર્શન ભાગમાં કઠોડા ઉપર મુકેલા ગ્લાસના દીવાઓ તદ્દન ઉઘાડા હતા. તપા ભાઇઓએ કે ઢુંઢીઆ ભાઇઓએ એ સંબંધમાં જયણા રાખી ખુલા દીવા ન મુકવાનું ખાસ ધ્યાનમાં રાખવું ઘટે છે.

# વિદ્વાન જૈનો તથા અન્ય સત્ય શોધકો માટે ઉત્તમ તક.

## જ્ઞાન પામવા—આપવાનો અપૂર્વ લાભ.

નિર્જરાનું પરમ સાધન.

# ઈનામી નિબંધ.

ઇનામ રૂ.૪૦૦) ચારસો.

વિષય— સદ્દેવ તત્ત્વ, અને ઇશ્વર જગત્કર્ત્તા નથી.

**સૂચના.**

૧—નિબંધ બુદ્ધિ પ્રકાશનાં દોઢસો પૃષ્ટ જેટલો હોવો જોઇએ. શુદ્ધ ગુજરાતી ભાષામાં કાગળની એક બાજુએ વંચાય એવા દસ્કતથી લખવો.

૨—તા. ૩૧ ડીસેમ્બર ૧૯૦૭ સુધીમાં મુંબઇ-માંડવીના શિરનામે **મહેતા મનસુખલાલ વિ. કીરતચંદ** ઉપર મોકલી આપવો.

૩—નિબંધ લખનારે નિબંધ ઉપર પોતાની કોઈ કહેવત (Motto) લખવી. નામ અટક ન લખવાં, નામ—અટક કહેવત અને ઠામઠેકાણા સાથે જુદા કાગળ ઉપર જણાવવાં.

૪—નિબંધ પોતાની ભાષામાં લખાયલો અને પોતાની મહેનતનું પરિણામ હોવો જોઇએ. એકલા ઉતારા કામ નહિં આવે. બીજા ગ્રંથોની સહાય ભલે લેવામાં આવે. પણ તે ઉપરથી સ્વતંત્ર પર્યાલોચના કરી સ્વતંત્ર લેખ લખાવો જોઇએ.

૫—આ નિબંધ માટે હરિફાઇ કરનારાઓએ યોગ્ય ગ્રંથોની યથેચ્છ સહાય લેવી. ઘણા ગ્રંથો પૈકી નીચેના ખાસ સૂચવી શકાશે:—

* ૧ ષડ્દર્શન સમુચ્ચય.
* ૨ સ્યાદ્વાદ મંજરી.
* ૩ શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત "આત્મસિદ્ધિ."
× ૪ જૈન તત્વાદર્શ ૧—૨—૪ પરિચ્છેદ.
+ ૫ શ્રી રત્નાકર અવતારિકા.
+ ૬ "આપ્તમિમાંસા" અને "દેવાગમ સ્તોત્ર."
+ ૭ મોક્ષ માર્ગ પ્રકાશ.
* ૮ શ્રી દેવચંદ્રજી તથા આનંદઘનજીની ચોવિશિઓ. ઇત્યાદિ.

---

* ગુજરાતી છપાઇ ગયાછે. + હિંદી છપાયા છે + સંસ્કૃત છપાયા છે.

8 Not real. વાસ્તવિક નહિં પણ આરોપેલું.

૬–વિશેષ ખુલાસા, માહિતી માટે સૂચના બીજીમાં જણાવેલ ઠેકાણે પુછવું.

૭–ઉપર જણાવેલા ગ્રંથો પૈકીમાંથી ઉતારો ન કરવો. ઉતારો કરવામાં આવે, તો તે અસ્થાને કે અસંબદ્ધ ન હોવા જોઇએ. ઉતારાને “ ” ચિન્હથી અંકિત કરવા.

૮–નિબંધના વિષયસંબંધી નીચેની બાબતોપર ખાસ ધ્યાન આપવું:—

(અ) સદ્દેવ કેવા હોવા ઘટે?

(બ) જગત્કર્ત્તા ઇશ્વર નથી.

(ક) જગત્ અનાદિ છે.

(ડ) છતાં સદ્દેવને વિષે ઔપચારિક કર્તૃત્વ શા માટે અને કેટલે અંશે આરોપવું આવશ્યક છે?

(ઇ) ઔપચારિક કર્તૃત્વ ન આરોપિયે, તો કંઇ હાનિ સંભવે છે? સંભવે, તો શી?

(ફ) સદ્દેવની પ્રતિમા ભક્તિની આવશ્યકતા.

આ વગેરે બાબતો તરફ ધ્યાન ખેંચવું યોગ્ય ગણ્યું છે.

૯–નિબંધો વિદ્વાન પુરૂષોની એક કમીટી તપાસશે.

૧૦–પાસ થયેલા નિબંધોમાંથી સૌથી ઉત્તમ નિબંધવાળાને ઇનામ મળશે.

૧૧–યોગ્ય લાગશે તો તે નિબંધ કમીટીના અભિપ્રાય મુજબ જરૂર જોગા સુધારા–વધારા સાથે પ્રગટ કરવામાં આવશે.

૧૨–કેળવાયલા જૈનો, ગ્રેજ્યુએટો અને અન્ય સત્ય શોધક વિદ્વાનો માટે પણ આ ઉત્તમ તક છે. આમાં ઇનામ અને જ્ઞાન એ બંને લાભ સમાયલા છે. પોતાનો નિબંધ કદાચ્ પહેલો ન આવે તેથી ઇનામનો લાભ ન મળે; પણ નિબંધ લખવા માટે જે જ્ઞાન વાંચવું વિચારવું પડશે, તે કાંઈ ઓછો લાભ નથી. આમ વિચારી જાણકાર ભાઇઓએ જ્ઞાન વાંચવા–વિચારવા અને નિબંધ માટેની હરીફાઇના મેદાનમાં કમર કસી ઉતરવું ઘટે છે.

તા. ૧–૯–૧૯૦૬–શનિવાર<br>મુંબઇ } લી. શા. અમરચંદ તલકચંદ.